Monday 27, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૬૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડમાં પૂર ઓસર્યા બાદ સફાઇ અભિયાન શરુ

**છીપવાડના દાણાબજારમાં અનાજનો સડેલો માલ દુકાનોમાંથી ખસેડવા યુધ્ધના ધોરણે સફાઈ કામગીરી હાથ ધરાઈ**



(દમણગંગા ટાઈમ્સ )

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ જિલ્લામાં આવેલા પુરના કારણે નગરપાલિકા વિસ્તારના દાણા બજારમાં ભારે નુકશાન થયું હતું. કલેકટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ નગરપાલિકા દ્વારા સડેલા અનાજનો જથ્થો દુર કરવા યુધ્ધના ધોરણે સફાઇ અભિયાન હાથ ધરાયુ છે. આ સફાઇ અભિયાનમાં પારડી અને ધરમપુર નગરપાલિકા પણ જોડાઇ છે. ટ્રકો, ટ્રેકટરો જેસીબીનો કાફલો ઉતારી સફાઇ અભિયાનને વધુ તેજ બનાવ્યું છે. સફાઇ અભિયાન પર વહીવટીતંત્ર સતત નજર રાખી રહયું છે. શહેરમાં કોઇ રોગચાળો કે ગંદકી ન ફેલાઇ તે માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહયા છે. વલસાડના શહેરમાં પૂરના કારણે સૌથી વધુ ખાનાખરાબી દાણાબજાર છીપવાડ ખાતે થતા જિલ્લા વહીવટી તંત્ર સર્તક થઈ ગયું હતું. દુકાનોમાં પલળી ગયેલુ અનાજ સડી ન જાય તે માટે યુધ્ધના ધોરણે વલસાડ પાલિકા દ્વારા સફાઈ અભિયાન પૂરજોશમાં હાથ ધરવામાં આવ્યુ છે.

વલસાડ પાલિકાના ચીફ ઓફિસર યશપાલસિંહ વાઘેલા ખડેપગે અહીં ઉભા રહી ટીમ પાસે દુકાનમાં બગડેલો માલ બહાર કઢાવી જેસીબી અને ટ્રેકટરમાં સફાઈ કરાવી હતી.

રોગચાળો ન ફેલાઈ તે માટે વલસાડ નગરપાલિકા દ્વારા ખૂબ જ ઝડપી સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે.

## વલસાડ જિલ્લામાં પુરગ્રસ્ત પરિવારોને રૂપિયા એક કરોડથી વધુની સહાય

**વલસાડ જિલ્લામાં ભારે વરસાદથી વ્યાપક નુકસાન : વહીવટી તંત્ર દ્વારા રાહત અને સહાયની કામગીરી પૂરજોશમાં**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ જિલ્લામાં તાજેતરમાં થયેલા અતિભારે વરસાદના કારણે વ્યાપક નુકશાન થયું છે. વહીવટી તંત્ર દવારા અસરગ્રસ્તોને તાત્કાલિક સહાય મળી રહે તે માટે કલેકટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતની રાહબરી હેઠળ ૧૫૦ ટીમો બનાવી ઝડપભેર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

વલસાડ જિલ્લામાં પ્રવર્તમાન ચોમાસા દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે નોંધપાત્ર નુકસાન થયું છે. આ કુદરતી આપત્તિને પહોંચી વળવા અને અસરગ્રસ્તોને મદદરૂપ થવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે બચાવ, રાહત અને સહાય વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, પાણીમાં ડૂબી જવાથી ૮, મકાન પડવાથી ૨ અને અન્ય ૨ કારણોસર જિલ્લામાં અત્યાર સુધી ૧૨ માનવ મૃત્યું નોંધાયા છે. જેમાં ચાર મૃતકના પરિવાર જનોને રૂા. ૧૬ લાખની સહાય આપવામાં આવી છે. બાકીના ૮ કિસ્સાઓ માટે કાર્યવાહી પ્રગતિમાં છે. જ્યારે ૧ વ્યક્તિને ઈજા પહોંચી છે.

### સર્વેમાં નુકશાનીનો રિપોર્ટ શું ?

જિલ્લામાં થયેલી નુકસાનીનો સચોટ તાગ મેળવવા માટે હાલ કુલ ૧૫૦ સર્વે ટીમો કાર્યરત કરવામાં આવી છે. આજની તારીખે ટીમોના સર્વેના આધારે ૭,૫૫૭ વ્યક્તિઓને કેશડોલ્સ ચૂકવવાપાત્ર છે, જેમાંથી ૫,૩૮૩ વ્યક્તિઓને કુલ રૂપિયા ૨૧,૮૧,૦૦૦ ની સહાય ચૂકવી દેવામાં આવી છે. તેવી જ રીતે, ઘરવખરી નુકસાન અન્વયે નોંધાયેલા ૭,૮૮૫ કુટુંબો પૈકી ૫,૭૬૯ કુટુંબોને કુલ રૂપિયા ૮૨,૪૦,૦૦૦ ની આર્થિક સહાય મળી કુલ એક કરોડ થી વધુ સહાય વહીવટી તંત્ર દ્વારા ડીબીટી અને અન્ય દ્વારા સહાય ચુકવવામાં આવી છે. બાકી રહેલા અસરગ્રસ્તોને સહાય ચુકવણીની કાયર્વાહી ચાલી રહી છે. ભારે વરસાદના પરિણામે રહેણાંક મકાનો અને માળખાગત સુવિધાઓને પણ વ્યાપક અસર પહોંચી છે. વલસાડ પુર નિયત્રણ કક્ષ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર પુર દરમિયાન જિલ્લામાં ૧૨૭ પશુઓના મૃત્યુ નોંધાયા છે. જ્યારે ૪૫૨ જેટલા આંશિક પાકા મકાનો અને ૨૨૪ આંશિક કાચા મકાનોને નુકશાન નોંધાયું છે.

## પાનવામાં વરસાદથી એક મકાન પર ડુંગર ધસ્યો, બીજું પૂરમાં તણાયું

**લાવરી નદીમાં અચાનક પૂર આવતા પાણીનું સ્તર વધી ગયું : પરિવારજનો સમયસર સલામત સ્થળે ખસી જતાં ઉગારો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૬ :** ધરમપુર તાલુકામાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા અતિભારે વરસાદને પગલે અંતરિયાળ વિસ્તારોમાં નુકસાનના બનાવો સામે આવી રહ્યા છે. પાનવા ગામના હાદાલ ફળિયામાં ભારે વરસાદના કારણે એક મકાન પર ડુંગર ધસી પડતાં મકાનને ભારે નુકસાન થયું હતું. જ્યારે આ જ વિસ્તારમાં અન્ય એક પરિવારનું મકાન લાવરી નદીમાં આવેલા પૂરના પાણીના ભારે પ્રવાહમાં તણાઈ ગયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, હાદાલ ફળિયામાં રહેતા દિનેશભાઈ કાળુભાઈ ઓઝર્યા ચાર સભ્યોના પરિવાર સાથે ઘરે હતા. દરમિયાન લાવરી નદીમાં અચાનક પૂર આવતા પાણીનું સ્તર વધીને તેમના ઘર સુધી પહોંચી ગયું હતું. પરિસ્થિતિની ગંભીરતા સમજી પરિવારજનો સમયસર સલામત સ્થળે ખસી ગયા હતા. ત્યારબાદ નદીના પાણીનો પ્રવાહ વધુ તેજ બનતાં તેમનું મકાન પૂરના પાણીમાં તણાઈ ગયું હતું.

બીજી તરફ, હાદાલ ફળિયામાં જ ભારે વરસાદના કારણે એક મકાન પર ડુંગર ધસી પડતાં મકાનને નુકસાન પહોંચ્યું હતું. બંને ઘટનાઓમાં પરિવારજનો સમયસર સલામત સ્થળે ખસી જતાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ બંને પરિવારોને મકાનના નુકસાનના કારણે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. બનાવની જાણ થતાં નુકસાનની સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી. પાનવા ગ્રામ પંચાયતના સભ્ય શંકરભાઈના જણાવ્યા મુજબ, તલાટી અને ગામસેવક દ્વારા સ્થળની મુલાકાત લઈ થયેલા નુકસાનની વિગતોની તપાસ કરવામાં આવી છે. અસરગ્રસ્ત બંને પરિવારોને સરકાર તરફથી મળવાપાત્ર સહાય મળી રહે તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. અતિભારે વરસાદ વચ્ચે બનેલી આ ઘટનાઓને પગલે સ્થાનિકોએ અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક સરકારી સહાય આપવામાં આવે તેમજ થયેલા નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરી વહેલી તકે રાહત મળે તેવી માંગ કરી છે.

કોઈકે કહ્યું કે ‘મધુબન ડેમ તૂટયો છે અને રેલ આવવાની છે તાત્કાલીક સ્થળ છોડો અને...’

## નરોલીમાં લોકો સ્મશાનમાં જ મૃતદેહને છોડીને ભાગી ગયા!

**ડેમ તૂટવાની વાત માત્ર અફવા હોવાનું સ્પષ્ટ થતાં એકથી દોઢ કલાક બાદ પરિવારજનો અને અન્ય લોકો ફરી સ્મશાનઘાટે પહોંચ્યા અને મૃતકના અંતિમ સંસ્કાર પૂર્ણ કરવામાં આવ્યા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** ગઈકાલે તા. ૨૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૩૦ કલાકે મધુબન ડેમ તૂટી ગયો હોવાની સોશિયલ મીડિયામાં અને મૌખિક રીતે ફેલાયેલી અફવાને કારણે વાપી, દાદરા નગર હવેલી, સેલવાસ દમણ તેમજ ઉમરગામ પંથકમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. અફવાના પગલે અનેક લોકો સુરક્ષિત સ્થળે જવાની તૈયારીમાં લાગી ગયા હતા.

આ દરમિયાન દાદરા નગર હવેલીના નરોલી વિસ્તારના એક વૃદ્ધના અવસાન બાદ તેમના અંતિમ સંસ્કાર માટે મૃતદેહને દમણગંગા નદી કિનારે આવેલા સેલવાસ સ્મશાનઘાટ ખાતે લઈ જવામાં આવ્યો હતો. તે દરમિયાન એક ઈનોવા કારમાં આવેલા એક વ્યક્તિએ ત્યાં હાજર લોકોને જણાવ્યું કે મધુબન ડેમ તૂટી ગયો છે અને ભારે પૂર આવવાનું હોવાથી તાત્કાલિક સ્થળ છોડો. આ વાત સાંભળતા જ અંતિમવિધિમાં હાજર લોકો ગભરાઈ ગયા અને મૃતદેહને ત્યાં જ મૂકીને સ્થળ પરથી નીકળી ગયા. પછી વલસાડના જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન તથા દાદરા નગર હવેલીના નાયબ કલેક્ટર અમિત કુમારે સત્તાવાર રીતે સ્પષ્ટતા કરી કે મધુબન ડેમ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને ડેમ તૂટ્યાની વાત માત્ર અફવા છે. ત્યારબાદ લોકોમાં શાંતિ પ્રસરી હતી. લગભગ એકથી દોઢ કલાક બાદ પરિવારજનો અને અન્ય લોકો ફરી સ્મશાનઘાટે પહોંચ્યા અને મૃતકના અંતિમ સંસ્કાર પૂર્ણ કરવામાં આવ્યા.

આ સમગ્ર ઘટનાએ અફવાઓના ગંભીર પરિણામો સામે લાવ્યા છે. સોશિયલ મીડિયામાં મધુબન ડેમ તૂટવાની ખોટી માહિતી ફેલાવનાર તત્વોને શોધી તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકલાગણી અને ચર્ચાઓ સમગ્ર વિસ્તારમાં જોવા મળી રહી છે.

## સોશિયલ મીડિયાએ ડાંગમાં ભૂકંપની અફવાથી તંત્રને દોડાવ્યું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૬ :** દક્ષિણ ગુજરાત સહિત ડાંગ જિલ્લાનાં સોશિયલ મીડિયા ગૃપોમાં ડી.એન.આર.સી. (Dang Nature Research Centre) ના નામે ડાંગ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હોવાની એક પોસ્ટ વાયરલ થઈ રહી છે.આ પોસ્ટમાં દર્શાવવામાં આવેલી માહિતી સંપૂર્ણપણે ભ્રામક અને અફવાજનક છે.ડાંગ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન (District Disaster Management Authority) દ્વારા આ અંગે તાત્કાલિક ગાંધીનગર સ્થિત સંબંધિત ઉચ્ચ કચેરી સુધી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ડાંગ જિલ્લામાં ભૂકંપ નોંધાયો હોવાની કોઈ સત્તાવાર માહિતી કે પુષ્ટિ પ્રાપ્ત થઈ નથી.જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે આવી બિનઆધારભૂત અને ભ્રામક પોસ્ટો પર વિશ્વાસ ન કરે તેમજ સોશિયલ મીડિયામાં આવી અફવાઓને શેર કરવાથી દૂર રહે. કોઈપણ ઘટના અંગે માત્ર સરકારી વિભાગો અને અધિકૃત સ્ત્રોતો દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી પર જ વિશ્વાસ રાખવો.જિલ્લા ડિઝાસ્ટર વિભાગ દ્વારા વધુમાં જણાવ્યું છે કે ગાંધીનગરથી રોજેરોજ રિપોર્ટકાર્ડ અપડેટ થાય છે.આવી કોઈ ઘટના કે બનાવ સામે આવ્યો નથી.રાજય સરકારનું ડિઝાસ્ટર વિભાગ એલર્ટ મોડમાં જ હોય છે.જેથી લોકોમાં ગેરસમજ અને ભય ફેલાવવાના હેતુથી ખોટી માહિતી પ્રસારિત કરનાર આવા ગ્રુપો સામે ધ્યાન આપવુ નહીંનો અનુરોધ કરાયો છે.

## પૂરગ્રસ્તોને સાંસદ ધવલ પટેલની અપીલ

(દમણગંગા ટાઈમ્સ)

**વાપી, તા. ૨૬ :** આજે વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલે અતિવૃષ્ટિથી સર્જાયેલી આ વિકટ પરિસ્થિતિમાં વલસાડ જિલ્લાના પૂરગ્રસ્ત અને અન્ય નાગરિકો જોગ એક અપીલ જાહેર કરી હતી તેમણે જણાવ્યું હતું કે ‘પ્રકૃતિની આ વિકટ પરીક્ષામાં આપણે સૌએ ઘણું નુકસાન સહન કર્યું છે. અનેક પરિવારોને ઘર, ઘરવખરી, પશુધન, ખેતી અને રોજગારનું નુકસાન થયું છે. આપ સૌ ધીરજ અને હિંમત જાળવી રાખશો’ કોઈપણ અસરગ્રસ્ત પરિવાર સરકારની સહાયથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત પરિવારોને યુદ્ધના ધોરણે રાહત પહોંચાડવાની કામગીરી સતત ચાલી રહી છે.






## જિલ્લામાં પૂરગ્રસ્તોની વ્હારે અનેક સંસ્થાઓ આગળ આવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ જિલ્લામાં પુરના કારણે પારાવાર નુકસાન થયું છે.

કલેકટર નીતિન સાંગવાન દ્વારા સેવાભાવી સંસ્થાઓને અપીલ કરતાં અનેક સંસ્થાઓ મદદ માટે આગળ આવી છે. જિલ્લાના પુરગ્રસ્ત વિસ્તારોના લોકોની સંવેદના સાથે મદદ કરવામાં આવી રહી છે.

જિલ્લામાં અત્યાર સુધી ૨૩ હજાર થી વધુ ફુડ પેકેટ બનાવીને પહોંચાડવામાં આવ્યા છે. જેમાં સીડીએસ અબ્રામા દ્વારા ૫૦૦, બીએપીએસ સંસ્થા - ૧૬૦૦, અતુલ સંસ્થા દ્વારા ૪૪૭૦, શ્રીમત રાજચંદ્ર સંસ્થા ધરમપુર- ૨૩૧૫, સીડીએસ અને ચિરાગ ત્રિવદી ઘડોઈ -૫૦૦, લાયન્સ કલબ ઉમરગામ - ૧૦૦, રીલાયન્સ સુરત - ૫૭૦૦, બાલાજી સંસ્થા- ૧૨૯૦, નાયક ફાઉન્ડેશન- ૨૦૮૫, લાયન્સ કલબ-૧૦૮૫, દાસુભાઈ આશીર્વાદ સેવા ટ્રસ્ટ - ૩૦૦, સાંઈ બાબા સેવા ટ્રસ્ટ - ૧૪૦૦, બીડીસીએ- ૫૦૦, જલારામ સેવા ટ્રસ્ટ- ૬૦૦, વલસાડ પારસી અંજુમન ટ્રસ્ટ- ૧૦૦, ઉમિયા ટ્રસ્ટ - ૫૦૦ ફુડ પેકેટ જરૂરતમંદોને પુરા પાડવામાં આવ્યા હતા.

## દમણના કોસ્ટગાર્ડે ૧૭૦ વ્યક્તિઓને પુરમાંથી ઉગાર્યા

**વલસાડ, નવસારી જિલ્લા અને દમણ, દાનહમાં કોસ્ટગાર્ડે ૧૧ જેટલા રેસ્કયૂ ઓપરેશનો હાથ ધર્યા**



(દમણગંગા ટાઈમ્સ)

**વાપી, તા.૨૬ :** સતત અવિરત વરસાદ, ગંભીર પૂર અને અત્યંત પડકારજનક હવામાન પરિસ્થિતિઓ વચ્ચે ૨૨ જુલાઈ ૨૦૨૬ ની મધ્યરાત્રિથી હાથ ધરવામાં આવેલા ૧૧ રેસ્ક્યૂ ઓપરેશન્સ દ્વારા ભારતીય કોસ્ટ ગાર્ડે, નાગરિક વહીવટીતંત્ર સાથે ગાઢ સંકલનમાં રહીને દમણ, દાદરા અને નગર હવેલી તથા દક્ષિણ ગુજરાતના પૂર પ્રભાવિત વિસ્તારોમાં અટવાયેલા ૧૭૦ વ્યક્તિઓનું રેસ્ક્યૂ કર્યું હતું. આ કામગીરી ૨૨/૨૩ જુલાઈની રાત્રિ દરમિયાન ખાનવેલ, સિલવાસામાંથી અટવાયેલા પાંચ વ્યક્તિઓના રેસ્ક્યૂ સાથે શરૂ થઈ હતી, ત્યારબાદ કડૈયા દરિયાકાંઠાના વિસ્તારમાં પૂરના કારણે નદીના કિનારે ફસાયેલા ત્રણ માછીમારોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સૌથી મોટા રેસ્ક્યૂ મિશનોમાંથી એકમાં, પૂર પ્રભાવિત વેલસ્પન ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં, જ્યાં રોડ સંપર્ક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો, ત્યાં ફસાયેલા ૬૦ વ્યક્તિઓને ૨૩/૨૪ જુલાઈની રાત્રિ દરમિયાન સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.ત્યારબાદના ઓપરેશન્સમાં એરો ફાઈબર પ્રાઈવેટ લિમિટેડ નજીક પૂરના પાણીમાં અટવાયેલી બસમાંથી સાત વ્યક્તિઓનું રેસ્ક્યૂ, ડોંગરીમાંથી દસ વ્યક્તિઓનું સ્થળાંતર, વલસાડ-પારડી વિસ્તારમાંથી અટવાયેલા ચાર વ્યક્તિઓનું હેલિકોપ્ટર દ્વારા રેસ્ક્યૂ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાંથી આખી રાત દરમિયાન આઠ વ્યક્તિઓનું સ્થળાંતર સામેલ હતું. અન્ય એક મહત્વપૂર્ણ રેસ્ક્યૂ મિશનમાં, કોસ્ટ ગાર્ડે અવધ સોસાયટી વિસ્તારમાંથી નવ મહિનાના ગર્ભવતી મહિલા અને શ્વાસની તકલીફથી પીડાતી એક મહિલા સહિત દસ વ્યક્તિઓનું સ્થળાંતર કર્યું હતું, અને તેમને સમયસર તબીબી સંભાળ મળે તે સુનિ?ત કર્યું હતું. ૨૪ જુલાઈના રોજ, ભારતીય કોસ્ટ ગાર્ડના બે હેલિકોપ્ટરે નવસારી જિલ્લાના મેંદર ગામમાંથી અટવાયેલા ૩૩ વ્યક્તિઓને સફળતાપૂર્વક એરલિફ્ટ કર્યા હતા, જેમાં છાતીમાં ગંભીર દુખાવો અનુભવતી એક વ્યક્તિ પણ સામેલ હતી જેને તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડવામાં આવી હતી.



કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને રાજ્યના મંત્રી નરેશભાઈ પટેલે

## ગણદેવી તેમજ ચીખલીના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૨૬ :** ગણદેવી તાલુકામાં બે દિવસ અગાઉ અવિરત ભારે વરસાદના કારણે સર્જાયેલી પૂર જેવી વિકટ પરિસ્થિતિ વચ્ચે શનિવાર સવારે કેન્દ્રીય કેબિનેટ મંત્રી (જળશક્તિ મંત્રાલય ભારત સરકાર) અને નવસારીના સાંસદ સી.આર. પાટીલ તેમજ રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે ગણદેવી તાલુકાના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે અસરગ્રસ્ત પરિવારો સુધી રાહત અને સહાયની કામગીરીમાં કોઈ વિલંબ ન થાય તે માટે અધિકારીઓને તાત્કાલિક સૂચનાઓ આપી હતી.જેને લઈ કેશ ડોલ વિતરણ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

સૌપ્રથમ મંત્રીઓએ નવસારી જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની મુલાકાત લીધી હતી. અહીં જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ, બચાવ કામગીરી, સ્થળાંતર, રાહત વ્યવસ્થા અને પુનઃસ્થાપન માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હાથ ધરાયેલા વિવિધ પગલાં અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ સી.આર. પાટીલ અને નરેશભાઈ પટેલે ગણદેવી તાલુકાના સોનવાડી ગામ, બીલીમોરા નજીક ઉંડાચ ગામ તેમજ તાલુકાના પૂરથી સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી સ્થળ ઉપરની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે પૂરપીડિત પરિવારો સાથે સીધો સંવાદ કરી તેમની સમસ્યાઓ અને જરૂરિયાતોની માહિતી મેળવી હતી. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે પૂરના કારણે ઘરવખરીને થયેલા નુકસાન માટે સરકાર દ્વારા નિયત ધોરણો મુજબ સહાય ચૂકવવામાં આવશે. ઉપરાંત પશુધનના નુકસાનની પણ રાજ્ય સરકારની જોગવાઈ મુજબ સહાય આપવામાં આવશે, જેથી અસરગ્રસ્ત પરિવારોને વહેલી તકે રાહત મળી શકે.

## વાંસદા તાલુકામાં તૂટી ગયેલા રસ્તાઓના સમારકામની કામગીરી શરૂ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા, તા.૨૬ :** છેલ્લા બે-ત્રણ દિવસ દરમિયાન પડેલા અતિભારે વરસાદના કારણે વાંસદા તાલુકાના આશરે ૫૦ જેટલા રસ્તાઓ પર ભારે નુકસાન થતાં વાહન વ્યવહાર ખોળવાઈ ગયો હતો. વરસાદનું જોર ઘટતા જ માર્ગ અને મકાન વિભાગ, વાંસદા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરી યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગે ૯૦ મજૂરોની ૧૭ ટીમો બનાવી કામગીરી હાથ ધરી હતી. ઉપરાંત ૨૩ જેસીબી મશીન, ૩૮ ડમ્પર અને ૫ ટ્રેક્ટરની મદદથી કાટમાળ દૂર કરી તેમજ ધોવાઈ ગયેલા માર્ગોને ફરી કાર્યરત બનાવવાના પ્રયાસો શરૂ



કરવામાં આવ્યા હતાં.

તંત્રની ઝડપી કામગીરીના પરિણામે અત્યાર સુધીમાં ૨૪ જેટલા રસ્તાઓ પર વાહનવ્યવહાર ફરી શરૂ કરવામાં આવ્યો છે. જ્યારે વધુ નુકસાન પામેલા બાકીના ૨૬ જેટલા રસ્તાઓ પર સમારકામની કામગીરી થઈ રહી છે.

માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, તમામ અસરગ્રસ્ત માર્ગો શક્ય તેટલી વહેલી તકે પુનઃ કાર્યરત થાય તે માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે, જેથી લોકોને અવરજવરમાં પડતી મુશ્કેલીઓ દૂર થઈ શકે.

## ડાંગમાં અતિવૃષ્ટિની શાંતિ અને સર્વજીવ કલ્યાણ માટે અનોખો શાંતિ યજ્ઞ યોજાયો



**આહવા, તા. ૨૬ :** ડાંગ જિલ્લા સહિત ઉપરવાસમાં થયેલા અતિથી ભારે મુશળધાર વરસાદને કારણે અંબિકા અને પૂર્ણા નદીઓમાં આવેલા પૂરના પગલે પૂરગ્રસ્ત વિસ્તારોમાં સર્વ જીવમાત્રના રક્ષણ, પ્રકૃતિના સંતુલનની પુનઃસ્થાપના, અતિવૃષ્ટિની શાંતિ અને વિશ્વકલ્યાણની ભાવના સાથે તેજસ્વીની સંસ્કૃતિ ધામ ખાતે વિશેષ શાંતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું.

બ્રહ્મવાદીની પૂજ્ય હેતલ દીદીના પાવન સાનિધ્યમાં યોજાયેલા આ યજ્ઞમાં શિવાશ્રય તેજસ્વીની કન્યા છાત્રાલયની બાલિકાઓએ પ્રકૃતિ પૂજન કરીને ઈન્દ્રદેવ અને વરૂણદેવને પ્રાર્થના અર્પણ કરી હતી. દરમિયાન વિશેષ આહુતિ અર્પણ કરીને જળના અધિષ્ઠાતા દેવ વરુણદેવ અને ઈન્દ્રદેવને પ્રસન્ન કરવાની તેમજ અતિવૃષ્ટિ શાંત થાય તેવી ભાવનાથી વૈદિક વિધિ અનુસાર યજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો.

આ પ્રસંગે બાલિકાઓએ વિશ્વમંગલ અને સર્વકલ્યાણ માટે ભાવપૂર્ણ પ્રાર્થના કરતાં જણાવ્યું કે, હે ઈન્દ્રદેવ, હે વરુણદેવ ! આપ જળના સ્વામી છો. આપનું જળ સૃષ્ટિ માટે જીવનદાયી બને, વિનાશકારી નહીં. પૂરથી પીડિત તમામ માનવો, પશુ-પક્ષીઓ અને સર્વ જીવમાત્રનું રક્ષણ કરો તથા પ્રકૃતિમાં પુનઃ સંતુલન સ્થાપિત સમગ્ર સૃષ્ટિમાં શાંતિનું સ્થાપન કરો.

યજ્ઞ દરમિયાન સમગ્ર વાતાવરણ વૈદિક મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યું હતું. ઉપસ્થિત સૌએ પૂરગ્રસ્ત ડાંગ સહિત હેઠવાસના નવસારી, વલસાડ, સુરત જિલ્લા સહિત સમગ્ર અસરગ્રસ્ત વિસ્તારોના પરિવારોના કલ્યાણ, અતિવૃષ્ટિથી સર્જાયેલી વિકટ પરિસ્થિતિમાંથી વહેલી તકે રાહત મળે તેમજ સમગ્ર વિશ્વમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ સ્થાપિત થાય તે માટે સામૂહિક શાંતિ પ્રાર્થના કરી હતી.

## બીલીમોરામાં માં વિમલા ટ્રસ્ટ દ્વારા ૧૦ હજારથી વધુ ફૂડ પેકેટનું વિતરણ કરાયું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૨૬ :** છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસી રહેલા મુશળધાર વરસાદને કારણે બીલીમોરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે, જેનાથી જનજીવન ભારે પ્રભાવિત થયું છે. આવી કુદરતી આફતની ઘડીમાં દેવસર શ્રી નવનાથ ધામના પૂજ્ય શ્રી છોટેદાદાના માર્ગદર્શન હેઠળ કાર્યરત માઁ વિમલા અખૂટ અન્નક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા અસરગ્રસ્તો માટે માનવસેવાનું અદ્ભુત કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. પૂરના પાણી અને વિકટ પરિસ્થિતિ વચ્ચે પણ ટ્રસ્ટના સેવાભાવી કાર્યકરો અને સ્વયંસેવકોએ નિષ્ઠાપૂર્વક સતત સક્રિય રહી જરૂરિયાતમંદ પરિવારો સુધી સમયસર ભોજન પહોંચાડ્યું હતું. ટ્રસ્ટ દ્વારા



બીલીમોરાના એસ.ટી. ડેપો વિસ્તાર, આદર્શનગર, નારાયણનગર, ભીખાજી નગર, શ્યામનગર, ખાડા વિસ્તાર અને ઊંડાચ સહિત વાઘરેજ, તલોધ, દેવસર, દેવધા તેમજ ગણદેવી તાલુકાના પૂરગ્રસ્ત ગામોમાં ૧૦ હજારથી વધુ ફૂડ પેકેટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે. આ રાહત કાર્યમાં સ્થાનિક આગેવાનો, દાતાઓ અને સ્વયંસેવકોએ ઉમળકાભેર સહયોગ આપ્યો હતો. ટ્રસ્ટે જરૂરિયાત રહે ત્યાં સુધી સેવા યજ્ઞ ચાલુ રાખવાની ખાતરી આપી છે, જે બદલ સ્થાનિક રહીશોએ પૂજ્ય શ્રી છોટેદાદા અને ટ્રસ્ટની ટીમોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

## નવસારી જિલ્લામાં માર્ગોના પુનઃસ્થાપન માટે કામગીરી શરૂ



**નવસારી, તા.૨૬ :** નવસારી જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે માર્ગ અને મકાન વિભાગ, નવસારીના કુલ ૭૦ રસ્તાઓ પૈકી ૩૦ રસ્તાઓ પર ઓવરટોપિંગની સ્થિતિ સર્જાતા વાહનવ્યવહાર અસ્થાયી ધોરણે બંધ કરવામાં આવ્યો હતો.

હાલમાં પાણી ઓસરતાં આ તમામ માર્ગો પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે સફાઈ અને પુનઃસ્થાપનની કામગીરી હાથ ધરવામાં આવી છે. ભારે નુકસાન પામેલા માર્ગોની તાત્કાલિક મરામત કરીને વાહનવ્યવહાર માટે ટ્રાફિકેબલ બનાવી દેવામાં આવ્યા છે.

સામાન્ય નુકસાન પામેલા માર્ગોની મરામત માટે માર્ગ અને મકાન વિભાગની કુલ ૧૧ ટીમો જે.સી.બી., ડમ્પર સહિતની આધુનિક મશીનરી તેમજ જી.એસ.બી. અને વેટમિક્સ મટીરિયલનો ઉપયોગ કરીને સતત કામગીરી કરી રહી છે.

હાલમાં બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ માર્ગ પર થયેલા લેન્ડસ્લાઈડને દૂર કરવાની કામગીરી, કસ્બા-છીણમ-દેલવાડા-ભીનાર માર્ગ પર આવેલા કલવર્ટના સ્ટ્રક્ચરોની મરામત તેમજ તવડી ગામના એપ્રોચ રોડને થયેલા ધોવાણની મરામત સહિતની કામગીરી પ્રગતિમાં છે. આ તમામ કામગીરી વહેલી તકે પૂર્ણ કરીને તમામ માર્ગોને સંપૂર્ણપણે પુનઃસ્થાપિત કરવામાં આવશે.

માર્ગ અને મકાન વિભાગ, નવસારી દ્વારા નાગરિકોની સુરક્ષા તથા સરળ અને સલામત વાહનવ્યવહારને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. વિભાગ દ્વારા માર્ગોની સ્થિતિ પર સતત નજર રાખી જરૂરી સ્થળોએ તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી રહી છે તેમ કાર્યપાલક ઈજનેરની અખબારી યાદીમાં જણાવેલ છે.

## સાપુતારા-માલેગામ રોડ પર સંરક્ષણ દીવાલ ધસી પડતા કલેક્ટરે સ્થળ મુલાકાતે

**આહવા, તા. ૨૬ :** સાપુતારા-માલેગામ માર્ગ પર આવેલ એક ભારે વળાંક પાસે આજે સવારે સંરક્ષણ દીવાલ (રિટેનિંગ વોલ) એકાએક ધસી પડવાની ઘટના સામે આવી હતી. ચોમાસાની ઋતુ દરમિયાન માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોની સલામતી જોખમાય નહીં તે હેતુથી ડાંગના જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી.પરમારે તાત્કાલિક સ્થળની રૂબરૂ મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને કલેક્ટર દ્વારા સ્થળ પર જ ઉપસ્થિત અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશો આપવામાં આવ્યા હતા. તેમણે નોટિફાઈડ એરિયા, સાપુતારના ચીફ ઓફિસરશ્રી, સાપુતારા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તેમજ નેશનલ હાઈવેના નાયબ ઈજનેરને સંયુક્ત રીતે તકેદારી રાખવા આદેશ આપ્યા હતા.

ઘટનાની પરિસ્થિતિને ધ્યાને લઈ કલેક્ટરએ, દીવાલ ધસી પડી હોય તે જગ્યાએ કોઈ પણ વાહન



અકસ્માતે ખાબકે નહીં તે માટે તાત્કાલિક અસરથી મજબૂત બેરીકેટીંગ કરવા જણાવાયું હતું. તેમજ રાત્રિના સમયે કે ધુમ્મસવાળા વાતાવરણમાં વાહનચાલકોને દૂરથી જ ખતરાનો અંદાજ આવી શકે તે માટે જરૂરી રેડ સિગ્નલ લાઈટો અને ચેતવણી દર્શાવતા બોર્ડ લગાવવાની સૂચના આપી હતી. સાપુતારા પોલીસ દ્વારા માર્ગ પર ટ્રાફિકનું સુચારુ સંચાલન થાય અને કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે પૂરતી તકેદારી રાખવા આદેશ અપાયા હતાં.

જિલ્લા કલેક્ટરની આ ત્વરિત કામગીરીને પગલે તંત્ર હરકતમાં આવ્યું છે અને સંભવિત અકસ્માતો રોકવા માટે રોડ-રસ્તા પર સલામતીના પગલાં લેવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. તેમજ જિલ્લા વહીવટી તંત્ર વતી નાગરીકોને સાવચેતી રાખવા સાથે બિનજરૂરી પ્રવાસ ટાળવા જણાવ્યું છે.

## ખેરગામ તાલુકાનું ગૌરવ



**ખેરગામ, તા.૨૬ :** બહેજ પ્રા.શાળામા અભ્યાસ કરી આગળ વધેલા, સ્પોર્ટ્સ સ્કૂલ-બીલીમોરા ખાતે રહી અભ્યાસ કરતા અને નવસારી જિલ્લા હોકી ટીમના કપ્તાન એવા પિયુષભાઈ ખાલપભાઈ પટેલની પસંદગી ગુજરાત હોકી ટીમમાં થતાં બહેજગામ તથા ખેરગામ તાલુકામાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી. તેઓ ગુજરાત ટીમ તરફથી તમિલનાડુ ખાતે યોજાનારી ૧૬મી હોકી ઈન્ડિયા જુનિયર મેન્સ નેશનલ ચેમ્પિયનશિપમાં રમવા જતા શુભેચ્છા આપવામાં આવી હતી.

## ગણદેવી પાલિકા દ્વારા કેશ ડોલ્સ સર્વેની કામગીરી કાર્યરત

**નવસારી, તા.૨૬ :** તાજેતરના ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત પરિવારોને રાજ્ય સરકારની જોગવાઈ મુજબ કેશ ડોલ્સ સહાય સમયસર મળી રહે તે માટે ગણદેવી નગરપાલિકા દ્વારા કેશ ડોલ્સ સર્વેની કામગીરી કાર્યરત છે.

ગણદેવી નગરપાલિકાની વિવિધ સર્વે ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘર-ઘર જઈને જરૂરી વિગતો એકત્ર કરી રહી છે. સર્વે દરમિયાન અસરગ્રસ્તની ઓળખ, નુકસાનની સ્થિતિ તથા જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે, જેથી વહેલી તકે સહાય મળી શકે.



ગણદેવી નગરપાલિકા દ્વારા અસરગ્રસ્ત નાગરિકોને સર્વે દરમિયાન જરૂરી માહિતી ઉપલબ્ધ કરાવવા તેમજ સર્વે ટીમને સંપૂર્ણ સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. સર્વે પૂર્ણ થયા બાદ સરકારની માર્ગદર્શિકા મુજબ પાત્ર લાભાર્થીઓને કેશ ડોલ્સ સહાયની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૭-૦૭-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** અષાઢ, તેરસ **સૂર્યોદય :** ૦૬ : ૧૨ **સૂર્યાસ્ત** ૦૭ :૧૯, **ચંદ્રોદય** - ૦૫:૫૯ **ચંદ્રાસ્ત** - ૦૪:૪૩ **ચંદ્ર રાશિ :** ધન, **નક્ષત્ર** - પૂર્વાઅષાઢા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમે શિસ્તબદ્ધ રહેશો અને ઘરના વડીલની સલાહ ઉપયોગી સાબિત થશે. ફાલતુ ખર્ચ અટકાવીને બચત પર ધ્યાન આપો, જમીન-મિલકતમાં ફાયદો થઈ શકે છે. કરિયરમાં પ્રગતિ ધીમી રહેશે પરંતુ પરિણામ તમારા પક્ષમાં રહેશે.

**વૃષભ (બ, વ, ઉ) :** અટકેલા કાર્યો આગળ વધશે અને પૂરા થવાની પૂરી શક્યતા છે. નોકરીમાં ઉપરી અધિકારીઓનો સહકાર સારો રહેશે. આર્થિક સ્થિતિ સુધરવાથી મનની ચિંતાઓ હળવી થશે.

**મિથુન (ક, ઘ, ચ) :** સ્વાસ્થ્ય બાબતે સચેત રહેવું અને ખાવા-પીવામાં કાળજી રાખવી. વેપારમાં કોઈ નવા દસ્તાવેજ પર સહી કરતા પહેલા વિચારી લેવું. પરિવાર સાથે સારો સમય પસાર કરવાનો અવસર મળશે.

**કર્ક (ડ, હ) :** આજનો દિવસ સુખ અને સમૃદ્ધિના નવા યોગ લઈને આવ્યો છે. માનસિક શાંતિ રહેશે અને આત્મવિશ્વાસમાં વધારો થશે. આર્થિક લેવડ-દેવડમાં સાવધાની રાખવી ફાયદાકારક રહેશે.

**સિંહ (મ, ટ) :** શનિની વક્રી ચાલના પ્રભાવથી આર્થિક લાભ અને ધન પ્રાપ્તિના યોગ છે. નોકરી કે વ્યવસાયમાં અચાનક મોટી સફળતા મળી શકે છે. અટવાયેલા નાણાં પાછા મળવાની પ્રબળ સંભાવના છે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજે તમારે થોડી સાવધાની રાખવી પડશે, ઉતાવળમાં નિર્ણય ન લેવો. કાર્યક્ષેત્રે સહકર્મીઓ સાથે મનદુઃખ ટાળવું. ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે.

**તુલા (ર, ત) :** શનિ ગોચરના કારણે કારકિર્દી અને ધનમાં સારો એવો ફાયદો થશે. ભાગ્યનો પૂરો સાથ મળશે, અટકેલા કાર્યો ગતિ પકડશે. પારિવારિક વાતાવરણ આનંદદાયક રહેશે.

**વૃશ્ચિક (ન, ય) :** મિત્રો કે સગા-સંબંધીઓ તરફથી સહયોગ પ્રાપ્ત થશે. વેપારી વર્ગને નવા સંપર્કોથી લાભ થઈ શકે છે. સ્વાસ્થ્ય સામાન્ય અને સારું રહેશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** ચંદ્ર તમારી જ રાશિમાં હોવાથી શરૂઆતમાં સાવધાની રાખવી જરૂરી છે.

**મકર (ખ, જ) :** મહેનતનું યોગ્ય અને સકારાત્મક પરિણામ મળશે. વિદેશ કે દૂરસ્થ સ્થળોથી અચાનક સારા સમાચાર મળી શકે છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આજનો દિવસ સુખ-સમૃદ્ધિ અને સંતોષકારક રહેશે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** શનિ વક્રી થવાના કારણે તમારા અટવાયેલા કાર્યો ઉકેલાશે. નોકરીમાં પ્રમોશન કે ઈન્ક્રીમેન્ટના યોગ બની રહ્યા છે.

## દમણ રેડિયો

102.3 FM

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | | | | | 9 |
| 9 | | 2 | | 1 | | | | 5 |
| | | | 9 | | 7 | | 1 | |
| | 2 | | | 7 | 9 | 5 | | |
| | | 1 | | | | 2 | | |
| | | 4 | 2 | 6 | | | 9 | |
| | 4 | | 8 | | 3 | | | |
| 2 | | | | 4 | | 1 | | 7 |
| 5 | | | | | 1 | 8 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૩૫ નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 | 6 |
| 4 | 6 | 5 | 1 | 9 | 7 | 8 | 3 | 2 |
| 7 | 3 | 2 | 6 | 8 | 5 | 4 | 1 | 9 |
| 3 | 7 | 4 | 9 | 6 | 1 | 5 | 2 | 8 |
| 8 | 1 | 6 | 7 | 5 | 2 | 9 | 4 | 3 |
| 2 | 5 | 9 | 8 | 4 | 3 | 1 | 6 | 7 |
| 5 | 4 | 7 | 3 | 2 | 8 | 6 | 9 | 1 |
| 6 | 2 | 1 | 4 | 7 | 9 | 3 | 8 | 5 |
| 9 | 8 | 3 | 5 | 1 | 6 | 2 | 7 | 4 |

## વલસાડ જિલ્લામાં ૪૪૬ માંથી ૩૫૭ માર્ગો વાહનવ્યવહાર માટે ફરી શરુ

### ૨૪ ઈમરજન્સી ટીમો, ૪૬ જે.સી.બી., ૨૨ ટ્રેક્ટર અને ૨૩૯ થી વધુ શ્રમિકો સતત કાર્યરત : ભૂસ્ખલન, રસ્તા પર પડેલા વૃક્ષો અને પાણીના ભરાવને દૂર કરવા ૨૪ કલાક કામગીરી ચાલુ







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ જિલ્લામાં સતત ત્રણ દિવસ થી પડેલા ભારે વરસાદને કારણે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તકના અનેક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા તેમજ ધરમપુર અને કપરાડા ના વિસ્તાર માં ભૂસ્ખલન ના કારણે રસ્તાઓ બંધ થયા હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), વલસાડ દ્વારા તાત્કાલિક ઈમરજન્સી કામગીરી હાથ ધરી ગણતરીના કલાકોમાં માર્ગો પરથી મલબો, ઝાડો, દૂર કરીને વાહનવ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો હતો. જિલ્લામાં ભારે વરસાદને કારણે બંધ થયેલા ૪૪૬ માંથી ૩૫૭ માર્ગો ફરીથી વાહનવ્યવહાર માટે પૂર્વવત કરાયા છે.

ભારે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિમાં નાગરિકોની સુરક્ષા અને પરિવહન વ્યવસ્થા અવિરત જળવાઈ રહે તે માટે વિભાગ દ્વારા રાઉન્ડ ધ ક્લોક (૨૪ કલાક) કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સતત વરસી રહેલા વરસાદને પગલે વિભાગના ફિલ્ડ સ્ટાફ દ્વારા રસ્તાઓની સતત મુલાકાત લઈ સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે તેમજ જ્યાં જરૂરિયાત ઊભી થાય ત્યાં તાત્કાલિક પુનઃસ્થાપનની કામગીરી કરવામાં આવી રહી છે.

કામગીરીને વધુ ઝડપી અને અસરકારક બનાવવા વિભાગ દ્વારા તાંત્રિક અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં કુલ ૨૪ઈમરજન્સી ટીમો કાર્યરત કરવામાં આવી છે. કામગીરી માટે ૪૨ જે.સી.બી. મશીનો, ૨૨ ટ્રેક્ટરો અનેથી ૨૩૯ વધુ શ્રમિકો સતત વિવિધ સ્થળોએ કાર્યરત રહી માર્ગોને સુરક્ષિત અને અવરજવરલાયક બનાવવાના પ્રયાસોમાં જોડાયેલા છે.

આ અંગે માર્ગ અને મકાન વિભાગ પંચાયત કાર્યપાલક ઈજનેર શ્રી ભાવેશ એમ પટેલ એ જણાવ્યું હતું કે કે, વિભાગ દ્વારા વરસાદી પાણીના વધુ પડતા પ્રવાહને કારણે ઓવરટોપિંગ થયેલી રોડ સાઈડ ગટરોને ખુલ્લી કરવાની કામગીરી, માઈનોર લેન્ડસ્લાઈડિંગને કારણે રસ્તા પર ધસી પડેલી માટી અને પથ્થરોને દૂર કરવાની કામગીરી તેમજ રસ્તા પર ધરાશાયી થયેલા વૃક્ષો અને વીજળીના થાંભલાઓને હટાવી માર્ગોને અવરજવર માટે સલામત બનાવવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે.

## વાપીમાં અસરગ્રસ્ત વિસ્તારની પ્રદેશ ભાજપ પ્રમુખ વિશ્વકર્માએ મુલાકાત લીધી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપી પંથકમાં છેલ્લા કેટલાક દિવસથી વરસી રહેલા ભારે વરસાદ બાદ આજે મેઘરાજાએ વિરામ લેતા રાહતનો માહોલ જોવા મળ્યો હતો. વરસાદનું જોર ઘટતા વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ તેમજ ચૂંટાયેલા કોર્પોરેટરો અને વિવિધ સમિતિના ચેરમેનો એ શહેરના વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન જ્યાં વરસાદી પાણી ભરાયા હતા તે વિસ્તારોમાં સફાઈ કામગીરી ઝડપી પૂર્ણ કરવા તેમજ ગંદકીના કારણે રોગચાળો ન ફેલાય તે માટે દવાનો છંટકાવ કરવાની કામગીરી તાત્કાલિક શરૂ કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. મહાનગરપાલિકાના આરોગ્ય અને સફાઈ વિભાગની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત કાર્યરત રહી હતી.

ભારે વરસાદના કારણે અનેક પરિવારોના ઘરોમાં પાણી ઘૂસી જતાં તેમને નુકસાન વેઠવું પડ્યું છે. આવા પરિવારોને તાત્કાલિક રાહતરૂપે રાશન કીટનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. સાથે જ રાજ્ય સરકારની રાહત સહાયનો લાભ મળી રહે તે માટે નુકસાનનો સર્વે પણ હાથ ધરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના પદાધિકારીઓએ અસરગ્રસ્ત પરિવારો સાથે મુલાકાત કરી તેમની સમસ્યાઓ સાંભળી હતી અને જરૂરી સહાય ઝડપથી પહોંચાડવાની ખાતરી આપી હતી. વરસાદ બાદ શહેરમાં જનજીવન સંપૂર્ણપણે સામાન્ય બને તે માટે વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જ્યારે જે જે વિસ્તારમાં વીજ પ્રવાહ બંધ થયો છે ત્યાં ફરીથી શરૂ કરાવવાની કામગીરી પણ વીજ કંપની દ્વારા હાથ ધરાઈ છે

## ધોડીપાડામાં શ્રીમદ્ ભાગવત કથા માટે આયોજન બેઠક યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૬ :** ઉમરગામ તાલુકાના ધોડીપાડા સાંસ્કૃતિક ભવન ખાતે આયોજિત થનારી શ્રીમદ્ ભાગવત પારાયણ કથાના આયોજનને લઈને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં કથાના સફળ આયોજન માટે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે ઉમરગામ તાલુકાના ૫૪ ગામોમાંથી પ્રત્યેક ગામના બે પરિવારો દ્વારા કુલ ૧૦૮ પવિત્ર ભાગવત પોથીઓનું આગમન કરવામાં આવશે. આ તમામ પવિત્ર ગ્રંથોને ભવ્ય શોભાયાત્રા સાથે ધોડીપાડા સાંસ્કૃતિક ભવન સ્થિત કથા સ્થળે પધરાવવામાં આવશે. આ ધાર્મિક મહોત્સવ દરમિયાન મહંત પ્રફુલ્લભાઈ શુક્લ વ્યાસપીઠ પર બિરાજમાન થઈ શ્રદ્ધાળુઓને શ્રીમદ્ ભાગવત મહાપુરાણની પવિત્ર કથાનું રસપાન કરાવશે. સમગ્ર તાલુકામાં આ આયોજનને લઈને ભક્તોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ આયોજન બેઠકમાં ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર, તાલુકા ભાજપ પ્રમુખ નિરવભાઈ શાહ, હર્ષદભાઈ શાહ, APMC ઉપપ્રમુખ વિજયભાઈ પાટકર, તાલુકાના વિવિધ ગામોના સરપંચો, ભાજપના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ આ પવિત્ર ધાર્મિક આયોજનને ભવ્ય અને સફળ બનાવવા માટે જરૂરી સૂચનો આપ્યા હતા.

## વાપીમાં પૂરથી અસરગ્રસ્ત લોકો માટે શ્રી રાજસ્થાન જૈન એકતા મંચની રાહત કામગીરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપીમાં છેલ્લા ૨૪ કલાકથી પડી રહેલા ભયાનક વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. અનેક સોસાયટીઓ અને રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આવી કપરી પરિસ્થિતિમાં શ્રી રાજસ્થાન જૈન એકતા મંચ વાપીની ટીમ રાહત કાર્યમાં ડટી ગઈ છે.

ડેપ્યુટી કલેક્ટરે તાત્કાલિક ટીમ મોકલીને અવધ યુટોપિયામાં ફૂડ પેકેટનું વિતરણ કરાવ્યું હતું. આ ઉપરાંત ય્ય્ની ટીમ દ્વારા હાઈવે પર કલાકોથી ફસાયેલા રાજસ્થાની પરિવારોને, ગુન્જન એવન્યુ પાર્કમાં ફસાયેલા પરિવારોને અને રેલવે સ્ટેશન પર અટવાયેલા મુસાફરોને પણ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ય્ય્ના ઉપાધ્યક્ષ સુન્દરજી સિયાલ ઉદયપુરમાં હોવા છતાં ત્યાંથી જ સેવા કાર્યમાં જોડાયા હતા સંરક્ષક રાજેશજી દૂગડ, અરુણજી સિરોયા અને રમેશજી કોઠારી સતત સંપર્કમાં રહીને માર્ગદર્શન આપી રહ્યા છે. કુલદીપજી કોઠારી, દિલપેશજી માદરેચા, કીર્તિજી ડાંગરા, પિયુષજી કચ્છારા, અંકિતજી બોકડિયા, મનીષજી સિંઘવી, મહાવીરજી છાજેડ, સતીશજી જીરાવાલા, રમેશજી મહેતા સહિતના કાર્યકરોએ એક પણ ફોન વગર માત્ર એક જ મેસેજ પર મધ્યરાત્રિ સુધી સેવા કાર્યમાં ભાગ લીધો હતો. આ સેવા યજ્ઞમાં શરદ કેટર્સના ઓનર શરદભાઈ શાહે પણ વિકટ પરિસ્થિતિમાં સાથે રહીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

### ગુરુ નાનક દરબાર દ્વારા

## વાપીના પૂરગ્રસ્ત પરિવારો માટે લંગર સેવા શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** માનવતા, સેવા અને કરુણાનું એક અદ્ભુત ઉદાહરણ સ્થાપિત કરીને, વાપીના ગુરુ નાનક દરબાર (પંજાબી સમાજ, વાપી, દમણ અને સિલવાસા) એ તાજેતરના પૂરથી પ્રભાવિત વાપી અને વલસાડ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પરિવારો માટે લંગર સેવા શરૂ કરી છે. શ્રી ગુરુ નાનક દેવજીના ઉપદેશોથી પ્રેરિત થઈને, શીખ સમુદાય પૂરગ્રસ્ત લોકોને તાજો અને પૌષ્ટિક ખોરાક પૂરો પાડવા માટે સાથે મળીને કામ કરી રહ્યો છે. આ પ્રસંગે, ગુરુ નાનક દરબારના મેનેજમેન્ટે જણાવ્યું હતું કે કુદરતી આફત દરમિયાન જરૂરિયાતમંદોને મદદ કરવા માટે આગળ આવવું એ સમાજના દરેક સભ્ય માટે આપણી નૈતિક જવાબદારી છે. તેમણે આ માનવતાવાદી અભિયાનની સફળતામાં ફાળો આપનારા તમામ સ્વયંસેવકો, દાતાઓ અને સમુદાયના સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

## વાપી રેલ્વે સ્ટેશને મુસાફરોને ભોજન-પાણીનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :**વાપીમા ભારે વરસાદ ને કારણે રેલવે સ્ટેશન પર મોટી સંખ્યામાં મુસાફરો અટવાઈ જતાં જમિયત ઉલમા-એ-વાપી ટ્રસ્ટ દ્વારા માનવતાનું ઉત્તમ ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના કાર્યકરો દ્વારા સમયસર સ્ટેશન પર પહોંચીને મુસાફરોને ભોજન અને પીવાના પાણીનું સતત વિતરણ કરવામાં આવ્યું. અંદાજે એક હજારથી વધુ મુસાફરોને ભોજન અને પાણીની વ્યવસ્થા કરી રાહત પહોંચાડવામાં આવી હતી.

આ સમગ્ર સેવા કાર્યમાં જમિયત ઉલમા-એ-વાપી ટ્રસ્ટના આગેવાન ઈતેખાબ ખાન સહિત ટ્રસ્ટના તમામ સભ્યોએ સક્રિય ભૂમિકા ભજવી હતી.

## વાપીના 'ભારત રાજ' એ દેશના અશ્વ શોમાં પ્રથમ સ્થાન મેળવ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** ગુજરાત આજે દેશભરમાં મારવાડી ઘોડાના ઉછેર અને અશ્વ સંવર્ધન ક્ષેત્રે અગ્રણી રાજ્ય તરીકે ઉભરી રહ્યું છે. ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા, પાટણ, પાલનપુર, અમરેલી અને રાજકોટ જેવા જિલ્લાઓમાં અનેક ખેડૂતો આધુનિક પદ્ધતિથી ઉચ્ચ નસલના ઘોડાઓનો ઉછેર કરી રહ્યા છે. રાજ્યમાં અશ્વ ઉછેરને પ્રોત્સાહન મળતા આ ક્ષેત્ર ઝડપથી વિકસી રહ્યું છે. આ ક્ષેત્રમાં વાપીના રાજકીય આગેવાન અને પ્રગતિશીલ ખેડૂત અભય નાહરનું નામ પણ હવે ચર્ચામાં છે. તેમના નાહર સ્ટડ ફાર્મમાં દેશની જાણીતી બ્લડલાઇનના મારવાડી ઘોડાઓનું સંવર્ધન કરવામાં આવે છે. તેમના ફાર્મનો સૌથી લોકપ્રિય ઘોડો ભારત રાજ આજે ગુજરાત સહિત સમગ્ર દેશમાં અશ્વપ્રેમીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

માત્ર ૩૯ મહિનાની ઉંમરે જ ભારત રાજએ દેશના પ્રતિષ્ઠિત અશ્વ શોમાં પ્રથમ સ્થાન મેળવી પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી. નાહર સ્ટડ ફાર્મમાં દેશની શ્રેષ્ઠ બ્લડલાઇનના ઘોડા અને તેમના બચ્ચાં જોવા મળતા હોવાથી આ ફાર્મ અશ્વ ઉછેરના ક્ષેત્રમાં આગવું સ્થાન મેળવી રહ્યું છે. અભય ભાઈ નાહર ના અશ્વ અગાઉ પણ અનેક સ્પર્ધામાં અવ્વલ નંબરે આવી નામના મેળવી છે. સાથે તેમણે સમગ્ર દેશ અને રાજ્યમાં વાપીનું નામ પણ રોશન કર્યું છે.

## મોટી તંબાડીના પંચમુખી હનુમાનજી ટ્રસ્ટ પૂરપીડીતોની વ્હારે આવ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપી અને આસપાસના ગ્રામીણ વિસ્તરમાં પડેલા અતિભારે વરસાદને કારણે મોટી તાંબડી ગામમાં વઘછીપા અને દેગામ તરફની નદીઓમાં ઘોડાપૂર આવતાં અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ આપત્તિ વચ્ચે અનેક પરિવારો માટે ભોજનની પણ મુશ્કેલી ઊભી થઈ હતી. આ વિકટ પરિસ્થિતિમાં શ્રી પંચમુખી હનુમાનજી ટ્રસ્ટ અને મંદિર સાથે જોડાયેલા યુવાનો માનવસેવાના ભાવ સાથે તાત્કાલિક રાહત કામગીરીમાં જોડાયા હતા. આ સેવા દ્વારા અંદાજે ૧૦૦૦ થી વધુ લોકોને ભોજન અને રાહત સામગ્રીનો લાભ મળ્યો હતો. આ ઉપરાંત, શનિવારના રોજ પણ દર અઠવાડિયાની પરંપરા મુજબ બપોરે મહાપ્રસાદ (ભોજન)ની વ્યવસ્થા યથાવત રાખવામાં આવશે, જેથી જરૂરિયાતમંદો તેમજ શ્રદ્ધાળુઓ નિ:શુલ્ક ભોજનનો લાભ લઈ શકે.

## વાપી સોશિયલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરુરીયાતમંદોને ફુડ પેકેટ વિતરણ કરાયા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપી પંથકમાં વરસાદ ને કારણે મુશ્કેલીમાં મુકાયેલા એવા ગરીબ જરૂરિયાત મંદ લોકો તેમજ રસ્તે ફસાયેલા લોકો માટે વાપી સોશિયલ ચેરીટેબલ ટ્રસ્ટના કિરણ રાવલ અને તેમની ટીમ દ્વારા હજારો લોકોને ભોજન આપી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું ટ્રસ્ટ ગ્રુપ દ્વારા છેલ્લા ૪૮ કલાકથી સતત શહેરના વિવિધ અસરગ્રસ્ત વિસ્તારો તેમજ હાઈવે પર પહોંચી રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. રસ્તામાં ફસાયેલા ટ્રક ડ્રાઈવરો, મુસાફરો અને જરૂરિયાતમંદ લોકોને ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## મધુબન ડેમ તૂટ્યાની ખોટી અફવાહથી સેલવાસા-વાપીમાં દોડધામ મચી

### અધિકારીઓએ વીડિયો જાહેર કરી સ્થિતિ સ્પષ્ટ કરી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, વાપી, તા. ૨૬ :** શનિવારે બપોરે સોશિયલ મીડિયા અને વોટ્સએપ પર મધુબન ડેમ તૂટી ગયો હોવાની ખોટી અફવાહ વાયરલ થતાં સેલવાસા, વાપી અને દમણગંગા નદીના કિનારાના નીચાણવાળા વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિના કારણે લોકોમાં ભયનું વાતાવરણ પહેલેથી જ હતું. પરિણામે અનેક પરિવારો કોઈ સત્તાવાર પુષ્ટિ વિના જ ઘર બહાર નીકળી ગયા, જ્યારે ઘણા લોકોએ પોતાના વાહનો અને કિંમતી સામાન સુરક્ષિત સ્થળે ખસેડવાનું શરૂ કર્યું.

અફવાહ ફેલાતા જ જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને અન્ય સરકારી કચેરીઓમાં મોટી સંખ્યામાં ફોન આવવા લાગ્યા અને લોકોએ મધુબન ડેમની સ્થિતિ અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી વલસાડના કલેક્ટર નિતિન સાંગવાને વીડિયો સંદેશ જાહેર કર્યો હતો.

ત્યારબાદ દાદરા અને નગર હવેલીના રેસિડેન્ટ ડેપ્યુટી કલેક્ટર અમિત કુમારે જાતે મધુબન ડેમની મુલાકાત લઈને સ્થળ નિરીક્ષણ કર્યું. ત્યારબાદ તેમણે ડેમ પરથી જ વીડિયો જાહેર કરી લોકોને અફવાઓથી દૂર રહેવા અને સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવાની અપીલ કરી. વહીવટીતંત્રે સ્પષ્ટ કર્યું કે ચોમાસા દરમિયાન જળાશયનું સંચાલન કરવા માટે નિયંત્રિત રીતે પાણી છોડવાની પ્રક્રિયા નિયમિત છે અને તેને ડેમની સલામતી સાથે જોડવી યોગ્ય નથી.

શનિવારે સાંજે પાંચ વાગ્યા સુધીના સત્તાવાર આંકડા મુજબ સેલવાસામાં ૧૯.૦ મીમી અને ખાનવેલમાં ૧૧.૬ મીમી વરસાદ નોંધાયો હતો. મધુબન ડેમનું જળસ્તર ૭૩.૪૫ મીટર નોંધાયું હતું, જે ૭૯.૮૬ મીટરની ચેતવણી સપાટી અને ૮૨.૪૦ મીટરની જોખમી સપાટીથી ઘણું નીચે છે. ડેમમાં ૬૩,૪૪૦ ક્યુસેક પાણીની આવક અને ૭૮,૫૬૪ ક્યુસેક નિયંત્રિત છોડાણ નોંધાયું હતું. અથલ બ્રિજનું જળસ્તર ૨૮.૧૫૦ મીટર હતું, જે ચેતવણી સપાટી ૨૯ મીટરથી નીચે હતું.

## દમણમાં મરાઠી સાંસ્કૃતિક મંડળ દ્વારા અષાઢી એકાદશીએ શોભાયાત્રા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૬ :** અષાઢી એકાદશીના શુભ અવસર પર, મરાઠી સાંસ્કૃતિક મંડળ, દમણ દ્વારા ભવ્ય પરંપરાગત દિંડી સોહાલાનું આયોજન કરવામાં આવ્યું હતું. ખારીવાડના ઝારીમાતા મંદિર સંકુલમાં મોટી સંખ્યામાં મરાઠી પરિવારો પરંપરાગત પોશાક પહેરીને ભેગા થયા હતા. ભગવાન વિઠ્ઠલ અને રુક્મિણીની સ્તુતિમાં મંત્રોચ્ચાર અને સ્તુતિઓ સાથે દિંડી યાત્રાની શરૂઆત થઈ હતી.

વરસાદ અને ખરાબ હવામાન છતાં, ભક્તોએ ઉત્સાહપૂર્વક શોભાયાત્રામાં ભાગ લીધો. ભક્તોએ વિઠ્ઠલના સ્તોત્રોના સૂરો પર ગાવાનું અને નૃત્ય કરવાનું ચાલુ રાખ્યું, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિથી ભરાઈ ગયું. શોભાયાત્રા મશાલ ચોક અને ધોબી તળાવ સહિત વિવિધ માર્ગો પરથી પસાર થઈ.

ભીડ ભજન મંદિરમાં ભવ્ય આરતી સાથે દિંડી સોહાલાનું સમાપન થયું. મોટી સંખ્યામાં ભક્તોએ ભગવાન વિઠ્ઠલના દર્શન કર્યા અને સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. કાર્યક્રમના સમગ્ર રૂટ પર ભક્તિ અને આનંદનું વાતાવરણ છવાયું.

### પાણી ભરાવાથી પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોના નિવારણ માટે

## દમણમાં જાહેર આરોગ્ય અભિયાન હાથ ધરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૬ :** તાજેતરના ભારે વરસાદ અને વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગોએ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોને રોકવા માટે એક ખાસ જાહેર આરોગ્ય અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાનના ભાગ રૂપે, અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ મજબૂત બનાવવામાં આવી છે.આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી બહાર કાઢવામાં આવેલા તમામ રાહત શિબિરોમાં નિયમિત આરોગ્ય તપાસ, આવશ્યક દવાઓની ઉપલબ્ધતા અને પ્રાથમિક સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે. તાલીમ પામેલા તબીબી ટીમો કોઈપણ સંભવિત બીમારીને ઓળખી શકાય અને તાત્કાલિક સારવાર આપી શકાય તેની ખાતરી કરવા માટે સતત આરોગ્ય દેખરેખ રાખી રહી છે. વિભાગના આરોગ્ય કર્મચારીઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે ઘરે જઈને આરોગ્ય સર્વેક્ષણ કરી રહ્યા છે. રોગ અટકાવવા માટે, અસરગ્રસ્ત વિસ્તારોમાં ORS પેકેટ, ક્લોરિન ગોળીઓ અને ક્લોરિન દ્રાવણનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. લોકોને પીવાના પાણીના ઉપયોગ, વ્યક્તિગત સ્વચ્છતા અને પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોથી બચવા માટેના પગલાં વિશે પણ જાગૃત કરવામાં આવી રહ્યા છે. જાહેર આરોગ્ય સુરક્ષાના ભાગ રૂપે, અસરગ્રસ્ત વિસ્તારોમાં બ્લીચિંગ પાવડર છંટકાવ, ઈન્ડોર રેસિડેયુઅલ સ્પ્રે અને મચ્છર લાર્વા નિયંત્રણના પગલાં ચાલુ છે. વધુમાં, ડેન્ગ્યુ, મેલેરિયા અને અન્ય મચ્છરજન્ય રોગોના અસરકારક નિવારણની ખાતરી કરવા માટે મચ્છર સંવર્ધન સ્થળો ઓળખી અને નાશ કરવામાં આવી રહ્યા છે.

વિભાગે લોકોને ફક્ત સ્વચ્છ અને ક્લોરિનયુક્ત પાણી પીવા, ઉપયોગ કરતા પહેલા પાણી ઉકાળીને પીવા, સ્વચ્છતા જાળવવા, ઘરની આસપાસ પાણી ભરાવાનું ટાળવા અને મચ્છર નિવારણના પગલાં અપનાવવા પણ અપીલ કરી છે. તેમને અફવાઓને અવગણવા અને આરોગ્ય વિભાગ દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાનું પાલન કરવા પણ કહેવામાં આવ્યું છે.

### ધસમસતા પૂરના પાણી વચ્ચે પતરા પર રાત વિતાવનાર

## વલસાડમાં લોકોએ ફાયર જવાનોનો આભાર માન્યો

(દમણગંગ ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ જિલ્લામાં પૂરની સ્થિતિ વચ્ચે ફસાયેલા અનેક લોકોના જીવ બચાવવામાં સફળતા મળી છે ત્યારે આ અસરગ્રસ્તો રાજ્ય સરકારની ત્વરિત સેવા બદલ આભાર વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લા કલેકટરશ્રી નીતિન સાંગવાનના નેતૃત્વ હેઠળ એનડીઆરએફ, એસડીઆરએફ, ફાયરના જવાનો અને પોલીસ દ્વારા સફળતાપૂર્વક રેસ્ક્યુ કામગીરી પૂર્ણ કરી અનેક લોકોના જીવ બચાવવામાં આવ્યા છે. રેસ્ક્યુ થયેલા અનેક લોકો પૈકી વલસાડના છીપવાડ ખાતે પૂરના પાણીમાં પોતાના ઘરમાં ફસાઈ ગયા બાદ કલાકો સુધી પતરા પર ચઢીને પોતાનો જીવ બચાવનાર અસરગ્રસ્ત મહેશ સોમાભાઈ નાયકા (રહે. પ્રજાપતિ વાડી પાછળ, નાની છીપવાડ) જણાવે છે કે, આખો દિવસ પાણી ન આવતા અમે રાત્રે જમીને સૂઈ ગયા હતા. રાત્રે ૧ વાગ્યે મારા ભત્રીજા ઈન્દ્ર ઉપર તેના મિત્ર અભયનો ફોન આવ્યો કે, ઔરંગા નદીમાં પાણીનો પ્રવાહ વધી રહ્યો છે. અમે અમારો ઘરનો જરૂરી સામાન અને બાળકોને લઈને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરીએ ત્યાં સુધીમાં તો માત્ર ૩૦ મીનિટમાં પૂરના ધસમસતા પાણી ઘરમાં ઘુસી ગયા અને અમારે જીવ બચાવવા ઘરના માળિયા પર અને પતરા ઉપર ધોધમાર વરસાદમાં જીવ બચાવવાની નોબત આવી હતી. બાદમાં સવારે ૬ કલાકે વલસાડ નગરપાલિકાના ફાયર જવાનો આવતા દેખાતા અમારા જીવમાં જીવ આવ્યો હતો. ફાયરના જવાનો લાઈફ જેકેટ અને બોયુ લઈને આવ્યા હતા. જેના વડે તેઓએ અમારા પરિવારના ૨૨ સભ્યોને હેમખેમ પૂરની તબાહી વચ્ચેથી બહાર કાઢ્યા હતા. અમારો જીવ બચાવવા બદલે અમે વલસાડ નગરપાલિકાના ફાયર જવાનોનો આભાર માનીએ છે.

# તુમ હી ભવિષ્ય હો ઈસ દેશ કા...

**વિશ્લેષણ**

કુન્દન વ્યાસ

લોકસભાની છેલ્લી ચૂંટણી પછી રાહુલ ગાંધી વારંવાર જાહેરમાં કહેતા રહ્યા છે કે, એક વર્ષમાં મોદીની સરકાર પડશે અને નરેન્દ્ર મોદી તથા અમિત શાહ ઘરભેગા અર્થાત્ જેલમાં હશે. રાહુલ ગાંધીની આ ભવિષ્યવાણી છે કે પ્લાન અથવા કહો તો કાવતરું-ષડયંત્ર હકીકતમાં આ એમની મહેચ્છા જરૂર છે! વારંવાર ચૂંટણીમાં પરાજય મળ્યા પછી મોદી સરકારના પતનની રાહ જોઈ રહ્યા છે અને કોઈપણ લોકશાહીમાં વિપક્ષી નેતા હોય નહીં તો પણ સામાન્ય નાગરિક-આમઆદમી (મેંગોમૅન) પણ આવી ઈચ્છા-મહેચ્છા ધરાવી શકે છે. પ્રશ્ન માત્ર સાધન-માધ્યમનો છે. ઉચ્ચ પરીક્ષાના પેપર લીક થયા તેના વિરોધમાં કોક્રોચ પાર્ટીવાળા અભિજિત અમેરિકાથી ભારત આવ્યા ત્યારે રાહુલ ગાંધીને મોટો મુદ્દો મળ્યો અને મોદી સરકારની ઘેરાબંધીનું રાજકારણ શરૂ થયું. આખરે શિક્ષણપ્રધાન ધર્મેન્દ્રએ રાજીનામું આપ્યું છે. કૃષિ કાયદા પછી આ બીજી વખત મોદી સરકારે પીછેહઠ કરી છે. હવે રાહુલ ગાંધી વધુ જોર-જુસ્સામાં આવશે. યુવા વર્ગે વિજયના મદમાં રહેવાને બદલે અને બાંગ્લાદેશ, નેપાળની જેમ સત્તા હસ્તગત કરવાના સ્વપ્નને બદલે ભારતની એકતા અને વિકાસયાત્રામાં સહયાત્રી બનવામાં પોતાની શક્તિ કેન્દ્રિત કરવી જોઈએ. ઈરાન-અમેરિકા લડાઈ, અમેરિકાનું ટેરિફ આક્રમણ, રશિયન તેલ નહીં ખરીદવાની તાકીદ-દબાણ - આ તમામ વિપરીત સંજોગોમાં ભારત અણનમ રહ્યું. સરકાર મક્કમ રહી. અલબત્ત, આખરે તેલ-પેટ્રોલના ભાવ વધારવા પડયા, તેથી મોંઘવારી વધી. બંગાળ-તામિલનાડુની ચૂંટણી પછી રાજકીય સ્થિતિ અને સંજોગો ઝડપથી બદલવા લાગ્યા. રાહુલ ગાંધીએ ઈન્ડિ મોરચો ઊભો કર્યો હતો તેમાં ભંગાણ-ગાબડાં પડવાં લાગ્યાં. મોદી સરકાર વધુ સ્થિર થવા લાગી. પ્રાદેશિક પક્ષોનો વિશ્વાસ અને ભવિષ્ય મોદી સરકારમાં હોવાની ખાતરી થઈ. રાજકારણમાં થયેલું-થઈ રહેલું પરિવર્તન રાષ્ટ્રવાદ માટે પ્રોત્સાહક છે. ચૂંટણીની મતદારયાદીઓમાં સાફ-સફાઈ શરૂ થઈ અને દેશભરમાં વ્યાપક બની રહી છે, તેથી વોટ બૅન્કો ઉપર આધાર રાખીને બેઠેલા પક્ષોનો વિશ્વાસ અધ્ધર ચડયો! લોકસભાની બેઠકોનું સીમાંકન સુધારીને સભ્યસંખ્યા ૮૩૦ સુધી થશે, મહિલાઓને ૫૦ ટકા અનામત બેઠકો મળશે - આખરે મોદી શાસન વધુ મજબૂત બનશે અને એક રાષ્ટ્ર એક ચૂંટણી દેશભરમાં ફરીથી શરૂ થશે. આ વાસ્તવિકતાની કલ્પના માત્ર વિરોધીઓને ધ્રુજાવે છે! ભલભલા નેતાઓની મહેચ્છા ધુરંધરના પ્રભાવ સામે ધૂળધાણી થવાની ચિંતા છે. આ રાજકીય સંજોગોમાં મોદી ઉપર પ્રહાર કરવા માટે બે કારણ-મુદ્દા મળ્યા. એક તો અયોધ્યામાં દેવદ્રવ્યની લૂંટ, ઘરના ઘાતકીઓ પકડાયા છતાં હજુ આખરી તપાસ અહેવાલ અને સજા બાકી છે, પણ રાષ્ટ્રવાદ અને હિન્દુત્વ - રામનું નામ બદનામ કરવાનો મોકો મળ્યો. આગામી ચૂંટણીમાં શ્રીરામના નામનો લાભ નહીં મળે એવી આશા જાગી. પ્રચાર શરૂ થયો. નીટ પરીક્ષાના પેપર ફૂટયા. સમસ્ત પરીક્ષા પ્રક્રિયામાં ભ્રષ્ટાચાર સામે વિદ્યાર્થીઓનો રોષ-આક્રોશ ભડકી ઊઠયો અને તે સ્વાભાવિક છે. કેન્દ્ર સરકારે તાત્કાલિક પગલાં ભર્યાં. નવેસરથી પરીક્ષા લેવાઈ. પરીક્ષાર્થીઓની અગવડ દૂર કરવામાં આવી અને પરિણામ આવ્યાં પછી રોષ-વિરોધ થોડો શાંત થયો હોય એમ જણાયું. અચાનક અભિજિત દીપકે નામના મહારાષ્ટ્રીયન યુવાને જાહેરાત કરી કે, ભારતીય વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા માટે અને એમના ભવિષ્ય સુધારવા માટે તેઓ અમેરિકાથી ભારત આવી રહ્યા છે. કોક્રોચ પાર્ટીને યુવાપ્રિય બનાવવા માટે મહારાષ્ટ્રમાં માતાને મળીને નવી દિલ્હી આવ્યા. આ દરમિયાન સોનમ વાંગચક લદાખથી આવ્યા અને કેન્દ્રના શિક્ષણપ્રધાન ધર્મેન્દ્રના રાજીનામાની માગણી કરી. અનશન-ભૂખ હડતાળ ઉપર ઊતર્યા. સૌનું ધ્યાન અભિજિતથી હટીને સોનમ વાંગચૂક ઉપર કેન્દ્રિત થયું જંતરમંતર ખાતે. વાંગચૂકના અનશન હોવાથી વિદ્યાર્થીઓનો ધસારો સતત હતો તે નિયંત્રિત રાખવા માટે પોલીસે પગલાં લીધાં અને રોકવાના પ્રયાસ કર્યા ત્યારે પથ્થરમારો શરૂ થયો. લાઠીચાર્જ અને ટીયર ગૅસનો ઉપયોગ થયો. નોંધપાત્ર એ કે, અરવિંદ કેજરીવાલે વિદ્યાર્થીઓને પહેલા દિવસથી જ ટેકો જાહેર કર્યો હતો અને એમના - આપના કાર્યકરો પણ જોડાયા હતા. પોલીસ દમનના અહેવાલ અને ફોટા વાયરલ થયા તે પછી બીજા દિવસે આસપાસના અને બહારના વિદ્યાર્થીઓ આક્રમક બનીને આવ્યા. સંસદ ભવન અને પછી વડા પ્રધાનના નિવાસસ્થાન ઉપર હલ્લાબોલની આગેવાની રાહુલ ગાંધીની હતી. અરવિંદ કેજરીવાલ સિવાયના વિપક્ષી નેતાઓ ઘટનાસ્થળે દોડયા. ભાજપ નેતા-પ્રધાન જે. પી. નડ્ડા પણ રાહુલ ગાંધીને મળ્યા. હિંસાચાર-પોલીસ દમન હાથ બહાર જઈ રહ્યું જોઈને સોનમ વાંગચૂકે વીડિયો અને પત્ર દ્વારા સરકારને જણાવ્યું કે, વિદ્યાર્થીઓ સામે કાનૂની કાર્યવાહી નહીં કરવાની લેખિત ખાતરી મળે તો અનશન બંધ થશે. બીજી બાજુ જંતરમંતરમાં અભિજિત દીપકે અને પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ ધર્મેન્દ્રના રાજીનામાની શરત મૂકી. વિદ્યાર્થી આંદોલન રાજકીય આંદોલન પૂર્ણ રીતે બન્યું. સોનમ વાંગચૂકની તબિયત લથડી રહી હતી, તેથી હાઈકોર્ટના આદેશથી પોલીસે એમને હૉસ્પિટલમાં ખસેડયા ત્યારે નેતાઓએ વિરોધ કર્યો. શું નેતાઓ સોનમને શહીદ કરવા માગતા હતા? હાથીની જેમ શહીદી વટાવી શકાય? હકીકતમાં ભૂતકાળમાં સુપ્રીમ કોર્ટે ચુકાદા અને આદેશ આપ્યા છે કે, અનશન ઉપર



ઊતરેલી કોઈપણ વ્યક્તિની જિંદગી બચાવવાની સરકારની ફરજ છે. અલબત્ત, વિરોધ કરવાનો અધિકાર અબાધિત હોવો જોઈએ. સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટોના આવા સંખ્યાબંધ ચુકાદા છે. સરકારે સોનમની ધરપકડ નહોતી કરી-એમને સારવારની વ્યવસ્થા કરી હતી. પાછળથી ખાનગી હૉસ્પિટલમાં જવાની મંજૂરી પણ મળી. ટોળાશાહીમાં નેતાઓ કેવી અફવાઓ ફેલાવે છે તેનું આ ઉદાહરણ છે. મૂળ પ્રશ્ન છે. પોલીસ તંત્રની નિષ્ફળતાનો. કોક્રોચ પાર્ટી માત્ર નેતાઓને ઉઘાડા પાડવાના-મજાક ઉડાવવા માટે કટાક્ષ-રમૂજનો માર્ગ છે અને ગંભીર પડકાર નથી એવી ધારણા હતી. અમેરિકાથી આવીને અભિજિત દીપકેએ જનતાનો મિજાજ પારખવાના પ્રયાસ કર્યા પણ ખાસ અસર ન હતી, તે દરમિયાન સોનમે આવીને અનશન શરૂ કર્યા. સોશિયલ મીડિયાના નિષ્ણાતોની ટેક્નિકલ શક્તિનો અંદાજ પોલીસને ન હતો. દિલ્હીમાં ઘણા વિરોધ-દેખાવ થયા છે, પણ પોલીસ તંત્રને કલ્પના પણ ન હતી કે, દિલ્હી ઉપર આવું જબરદસ્ત આક્રમણ થશે. રાહુલ ગાંધીએ વડા પ્રધાનના નિવાસસ્થાને હલ્લાબોલનો પ્લાન ગુપ્ત રાખ્યો અને છેલ્લી ઘડીએ જંતરમંતર જવાના બદલે કહ્યું - મારી પાછળ પાછળ આવો! આ તમામ હિલચાલની માહિતી પોલીસને મળી જ નહીં. મોદી સરકાર પણ અવસર ચૂકી ગઈ. અર્થતંત્ર-ન્યાયતંત્ર અને સમાજમાં ઘણા સુધારા થયા છે, પણ શિક્ષણ તંત્રમાં - પુસ્તકો બદલવા, અંગ્રેજી ગુલામીની માનસિકતામાંથી નવી પેઢીને મુક્ત કરવાના પ્રયાસ થયા છે પણ શિક્ષણક્ષેત્રમાં ભ્રષ્ટાચાર, કોચિંગ સેન્ટર કલ્ચર, પેપર ફોડવાની વૃત્તિ-પ્રવૃત્તિમાં સુધારા ભૂલાઈ ગયા! આ વખતે ઉહાપોહ થયો ત્યારે પરીક્ષા રદ થઈ અને નવેસરથી લેવામાં આવી, પણ શું આવું ચાલ્યા જ કરશે? દેશભરમાં વિપક્ષી રાજ્યોમાં પણ પેપર ફૂટયાની સંખ્યાબંધ ઘટનાઓ છે - કોઈની આંખો કેમ ખૂલી નહીં? વિરોધ પ્રદર્શન શરૂ થયા ત્યારે સરકારે ચોંકી જવાની જરૂર હતી. જો પ્રાથમિક તબક્કે વિદ્યાર્થી નેતાઓને વિશ્વાસમાં લઈને ખાતરી આપી હોત તો કદાચ ગંભીર પરિણામ આવત નહીં. અમેરિકાથી અભિજિતનું આગમન રાહુલ ગાંધીની આગાહી (એક વર્ષની મુદત) સાથે જોડાય છે! અભિજિત દીપકે અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ કરે છે? કે કોઈ ખાનગી સંસ્થામાં સેવા આપે છે? વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા આવ્યા છે કે, આંદોલન માટે માર્ગદર્શન આપવા આવ્યા છે? નેપાળ, શ્રીલંકા અને બાંગ્લાદેશમાં વિદ્યાર્થી આંદોલનનો દોરીસંચાર અમેરિકાના ડીપસ્ટેટ - ભૂગર્ભ અથવા પડદા પાછળ રહીને વિકસતા દેશોની ચૂંટાયેલી સરકારો ઊથલાવવા અને શાસનપલટો કરાવવા માગતા અબજોપતિઓનો હાથ હતો તે જગજાહેર છે. ભારતમાં પણ કિસાનો કૃષિસુધારા એમના લાભમાં હોવા છતાં વિરોધમાં જંગે ચડયા અને આખરે મોદી સરકારે સુધારા પાછા ખેંચ્યા! પંજાબના કિસાનો ભારતવિરોધી પ્રચારનો ભોગ બન્યા હતા. નવી દિલ્હી ઉપર આક્રમણ કરીને લાલ કિલ્લા ઉપર ભારતીય રાષ્ટ્રધ્વજ ઉતારીને અલગ ઝંડો ફરકાવ્યો! છતાં મોદીની કડક સૂચના હતી કે, પોલીસ બળ-યોગ નહીં જ કરે. આ સંયમથી પંજાબ બચી ગયું. ફરીથી ભીંદરાણવાલેને ઊભો કરવાનો દુશ્મનોનો પ્લાન ફેઈલ થયો! નાગરિકત્વ કાયદામાં સુધારાના વિરોધમાં તો રાજધાની નવી દિલ્હીને બાન પકડવામાં આવી હતી. ભારત અને મોદી વિશે અસભ્ય ભાષા અને હૉર્ડિંગ્સ લાગ્યાં હતાં. વિદેશી હાથ અને નાણાં કામ કરતાં હતાં. મોદી સરકારે સંયમ અને ધીરજથી દેશના દુશ્મનોની બાજી ઊંધી વાળી. આ વખતે ફરીથી ભારત અને સંસદીય લોકશાહી ઉપર હુમલો છે. અભિજિત દીપકે કોના આમંત્રણથી ભારત આવ્યા છે? રાજકીય નેતા બની ગયા છે ત્યારે સૌથી વધુ ચિંતા રાહુલ ગાંધીને છે. કારણ કે એમની સામે બીજા કેજરીવાલ ઈન ધ મેકિંગ છે !

વડાપ્રધાન મોદી શિક્ષણ સુધારાની શરૂઆત પરીક્ષા સુધારાથી કરી રહ્યા છે. વિરોધી પક્ષો સંસદમાં હાજરી આપીને સમર્થન કરે નહીં તો પણ આ સુધારા છેવટે વટહુકમથી પણ થશે એવી ચર્ચા હતી. ૨૬ દિવસના અનશન પછી સોનમ વાંગચૂક માની ગયા છે. સ્વીકારે છે કે કૉંગ્રેસે આંદોલન હાઈજેક કરીને એમને એકલા પાડયા છે. વિદ્યાર્થીઓના આંદોલનના પ્રારંભમાં કહેવાયું હતું કે, શિક્ષણ-ધાનને રૂખસદ અપાય તો જ ભવિષ્યમાં પેપર ફૂટશે નહીં પણ એક પ્રધાન આવે કે જાય તેનાથી ફરક પડતો નથી. શિક્ષણ પરીક્ષાના પેપર વેચનારાને સખત સજાનો પ્રબંધ થયો તે અસરકારક ઉપાય છે. વડા પ્રધાને આ માટે કાનૂની જોગવાઈની જાહેર ખાતરી આપી છે. સમાધાનની દિશામાં પ્રગતિ થઈ ત્યારે પણ કૉંગ્રેસ-સમાજવાદી પક્ષનો હઠાગ્રહ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા માટે જારી રહ્યો. કારણ કે, શિક્ષણ સુધારામાં નહીં, સત્તા ઉપર એમની નજર છે. શિક્ષણ પ્રધાન તો સેમ્પલ છે. શરૂઆત છે. આંદોલન પાછળ અમેરિકાનો હાથ છે તે વિશે શંકા નથી. નાણાં અને રોજના બર્ગર, પિઝા પણ દુબઈથી આવે છે તે પુરવાર થયું. નાણાં બાંગ્લાદેશથી આવે છે. ભારત સરકાર એનજીઓને મળતા વિદેશી નાણાં બંધ કર્યાં પછી આ રીતે આવે છે. અભિજિત દીપકેની કુંડળી પણ હવે જાહેર થશે. આપણા વિદ્યાર્થીઓને હાથા બનાવીને ભારતમાં શાસન બદલવાના કાવતરાનો પર્દાફાશ થયા પછી ભારતના યુવા વર્ગે સાવધાન થવું પડશે. એમના માટે સ્પષ્ટ સંદેશ છે. તુમ હી ભવિષ્ય હો ઈસ દેશકા... ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે (ફિલ્મ જાગૃતિ) એક વાત નક્કી છે કે, ભારતને બાંગ્લાદેશ કે નેપાળ નહીં બનવા દેવાય. ભારત - ભારત જ રહેશે અને સંસદીય લોકશાહીને બદનામ કરનારા હાથ ધોતા રહેશે. ગુજરાતમાં નવનિર્માણ આંદોલન ગુજરાતમાં ૧૯૭૪માં કૉંગ્રેસી સરકારના ભ્રષ્ટાચાર સામે વિદ્યાર્થી આંદોલન-નવનિર્માણ થયું હતું. કોઈપણ રાજકીય નેતાને આંદોલનમાં પ્રવેશ મળ્યો નહીં. ગુજરાત પછી બિહારમાં આવું જ આંદોલન શરૂ થયું. જય-કાશ નારાયણ ગુજરાત આવ્યા, પણ આંદોલનનું નેતૃત્વ કરવા નહીં માત્ર જાત અભ્યાસ કરીને બિહારમાં આંદોલનનું નેતૃત્વ કર્યું. ગુજરાતના વિદ્યાર્થી નેતાઓ-નિરૂપમ નાણાવટી, ઉમાકાંત માંકડ તથા વિદ્યાર્થી કાર્યકરોએ દેશ-દુનિયાને શક્તિ બતાવી. ઈન્દિરા ગાંધી વિધાનસભાને 'મૂર્છિત' કરીને ફરીથી કૉંગ્રેસ સરકાર સ્થાપવા માગતાં હતાં, પણ મોરારજીભાઈ નવી દિલ્હીમાં અનિશ્ચિત મુદતના ઉપવાસ ઉપર ઊતર્યા - વિધાનસભાનું વિસર્જન અને નવેસરથી ચૂંટણીની માંગ આખરે ઈન્દિરા ગાંધીએ સ્વીકારવી પડી હતી.

# પુરુષો પોતાની લાગણીઓ વ્યક્ત કરતા કેમ અચકાય છે?

**પૌરુષ**



અંકિત દેસાઇ, ટુકવાડા

સમાજમાં એક વણલખ્યો પણ ચુસ્તપણે પળાતો નિયમ છે કે પુરુષે હંમેશા મજબૂત, અડીખમ અને અચળ દેખાવું જોઈએ. બાળપણથી જ એક નાના છોકરાને જ્યારે વાગે કે તે રડવા લાગે, ત્યારે તેને સાંત્વના આપવાને બદલે અવારનવાર કહેવામાં આવે છે કે છોકરાઓ ન રડેં અથવા છોકરો થઈને શું છોકરીઓની જેમ રડે છે? આ નાનકડી વાક્યરચના જ બાળકના મગજમાં એ વિચારનું બીજ વાવી દે છે કે દુઃખ, દર્દ કે નબળાઈ દર્શાવવી એ પુરુષાર્થનું લક્ષણ નથી. જેમ જેમ એ બાળક મોટો થઈને પુરુષ બને છે, તેમ તેમ તે પોતાની અંદરની લાગણીઓ, ડર અને તણાવને એક ઊંડા અને અંધારા ખૂણામાં છુપાવવાનું શીખી લે છે. પોતાના દુઃખ કે મુશ્કેલીઓને હસતા મોઢે સહન કરી લેવી એ જ પુરુષ હોવાની પ્રાથમિક શરત માની લેવામાં આવી છે, અને આ જ માનસિકતા તેમને પોતાની સાચી લાગણીઓ વ્યક્ત કરતા અટકાવે છે.

સમાજ દ્વારા પુરુષો પર લાદવામાં આવેલી ભૂમિકાઓ પણ આ અચકાટનું એક મોટું કારણ છે. પુરુષને હંમેશા પરિવારના 'રક્ષક' અને 'પોષક' તરીકે જોવામાં આવે છે. તેના પર પરિવારની આર્થિક, સામાજિક અને વ્યવહારિક સુરક્ષાનો ભારે બોજ હોય છે. આટલી બધી અપેક્ષાઓ વચ્ચે પુરુષને લાગે છે કે જો તે પોતે નબળો પડશે, જો તે પોતાની ચિંતાઓ કે ડર વિશે વાત કરશે, તો તેના પર નિર્ભર રહેલા લોકોનો વિશ્વાસ ડગમગી જશે. પરિણામે, તે પોતાના મનમાં ચાલતા વિચારોનું વાવાઝોડું બહાર આવવા દેતો નથી. તે પોતાની જાતને એક એવા ઢાલ તરીકે રજૂ કરે છે જે ગમે તેટલી મુશ્કેલીઓ આવે તો પણ તૂટી શકતી નથી. આ પ્રક્રિયામાં તે ભૂલી જાય છે કે ઢાલ પણ આખરે તો ધાતુની બનેલી હોય છે અને સતત ઘા વાગવાથી તે પણ અંદરથી ક્ષીણ થઈ શકે છે.

લાગણીઓ વ્યક્ત ન કરવા પાછળનો બીજો એક મોટો ભય છે નિર્ણાયક દ્રષ્ટિનો સામનો કરવો અથવા 'જજ' થવું. પુરુષોને ઘણીવાર એ વાતનો ડર રહે છે કે જો તેઓ પોતાની નબળાઈ કે માનસિક તણાવ વિશે કોઈની સામે વાત કરશે, તો લોકો તેમને અસમર્થ કે નબળા સમજી લેશે. ખાસ કરીને પોતાના કાર્યક્ષેત્રમાં કે મિત્રવર્તુળમાં પોતાની પ્રતિષ્ઠા ખોઈ બેસવાનો ભય તેમને સતત સતાવતો હોય છે. આપણી સંસ્કૃતિમાં પુરુષોને વાતચીત કરતી વખતે હંમેશા તાર્કિક અને વ્યવહારુ રહેવાની તાલીમ મળે છે, ભાવનાત્મક નહીં. જ્યારે કોઈ પુરુષ ખુલીને પોતાની ભાવનાઓ વ્યક્ત કરવા જાય છે, ત્યારે તેને ઘણીવાર એવા પ્રતિસાદ મળે છે કે 'તું બહુ વિચાર ન કર' અથવા બધું ઠીક થઈ જશે.

આ પ્રકારના પ્રતિસાદોથી તેને એવું અનુભવાય છે કે તેની લાગણીઓને ગંભીરતાથી લેવામાં નથી આવી રહી, જેના કારણે તે ભવિષ્યમાં ક્યારેય ખુલીને વાત ન કરવાનો નિર્ણય લઈ લે છે. સ્વયં લાગણીઓને ઓળખવાની અને તેને યોગ્ય શબ્દો આપવાની ક્ષમતાનો અભાવ પણ એક અગત્યનું કારણ છે. નાનપણથી જ છોકરાઓને પોતાની લાગણીઓ સમજાવવાની તક બહુ ઓછી મળે છે. ક્રોધ કે ગુસ્સો એ જ એક માત્ર એવી લાગણી છે જેને પુરુષ માટે સામાજિક રીતે સ્વીકાર્ય માનવામાં આવી છે. તેથી જ, જ્યારે કોઈ પુરુષ અંદરથી ઉદાસીનતા, ડર, ભય કે એકલતા અનુભવતો હોય છે, ત્યારે તે એ લાગણીઓને યોગ્ય રીતે વ્યક્ત કરવાને બદલે ક્રોધ કે ચીડચીડાપણું દર્શાવવા લાગે છે. તેનો ગુસ્સો વાસ્તવમાં તેની છુપાયેલી લાચારી કે દુઃખનું જ એક રૂપ હોય છે. સાચી ભાવના શું છે તે ન ઓળખી શકવાને કારણે તે પોતાની અંદર મંથન જ કરતો રહે છે પણ સામે વાળી વ્યક્તિને કંઈ કહી શકતો નથી.

લાગણીઓને દબાવી રાખવાની આ પ્રવૃત્તિ પુરુષના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર અત્યંત ગંભીર અસરો છોડે છે.

જે લાગણીઓ બહાર નથી આવતી, તે અંદર જઈને માનસિક તણાવ, હાઈ બ્લડ પ્રેશર, હૃદયરોગ, અને અનિદ્રા જેવી બીમારીઓનું રૂપ ધારણ કરે છે. માનસિક રીતે, સતત પોતાની ભાવનાઓને દબાવી રાખવાથી પુરુષો અંદરથી એકલવાયા અને હતાશ થઈ જાય છે.

તેઓ પોતાના નજીકના સંબંધીઓ, જીવનસાથી કે બાળકોથી પણ એક અદ્રશ્ય અંતર બનાવી લે છે.

સંબંધોમાં જ્યારે ભાવનાત્મક આપ-લે બંધ થઈ જાય છે, ત્યારે સંબંધ માત્ર એક જવાબદારી બનીને રહી જાય છે. ઘરમાં બધાની વચ્ચે હોવા છતાં પુરુષ પોતાને એકલો અનુભવે છે, કારણ કે તેની અંદરનું સચ્ચાઈભર્યું તત્વ કોઈ જોઈ શકતું નથી.

આ પરિસ્થિતિને બદલવા માટે સમાજ અને પરિવારના દ્રષ્ટિકોણમાં મોટો બદલાવ આવવો જરૂરી છે. આપણે એ સ્વીકારવું પડશે કે પુરુષ પણ આખરે એક મનુષ્ય જ છે, અને દરેક મનુષ્યને દુઃખ, ડર અને નબળાઈનો અનુભવ કરવાનો પૂરો હક છે. ઘરમાં એવું વાતાવરણ નિર્માણ થવું જોઈએ જ્યાં પુરુષ કોઈ પણ ભય કે સંકોચ વગર કહી શકે કે 'આજે હું થાકી ગયો છું' અથવા 'મને આ વાતનો ડર લાગે છે.' જીવનસાથી તરીકે સ્ત્રીઓએ પણ પુરુષની નબળાઈઓને તેની અસમર્થતા માનવાને બદલે તેને સહાનુભૂતિપૂર્વક સાંભળવી જોઈએ. જ્યારે એક પુરુષને એવો વિશ્વાસ બેસશે કે તેની લાગણીઓની કદર થશે અને તેને નબળો ગણવામાં નહીં આવે, ત્યારે તે ચોક્કસપણે પોતાના મનના દરવાજા ખોલશે.

આખરે, પુરુષોએ પોતે પણ આ વાત સમજવી પડશે કે પોતાની ભાવનાઓ વ્યક્ત કરવી એ કોઈ નબળાઈ નથી પરંતુ હિંમતની નિશાની છે.

રડવું કે પોતાની તકલીફ કોઈની સામે મૂકવી એ પુરુષાર્થને ઓછો નથી કરતું, પણ મનને હળવું કરીને ફરીથી મજબૂતીથી ઊભા થવામાં મદદ કરે છે. પોતાના માનસિક સ્વાસ્થ્ય માટે અને પોતાના પ્રિયજનો સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે પુરુષોએ મૌનનું કવચ તોડીને પોતાની લાગણીઓને વાચા આપવી જ પડશે. જ્યારે પુરુષ પોતાની ભાવનાઓને સ્વીકારતો અને વ્યક્ત કરતો થશે, ત્યારે જ તે સાચા અર્થમાં એક તંદુરસ્ત અને ખુશહાલ જીવન જીવી શકશે.

# મંત્રી પરિવર્તનની જરૂર છે કે શિક્ષણપદ્ધતિ પરિવર્તનની ?

**શિક્ષણમાં મૂલ્યો, સર્જનાત્મકતા, સમસ્યા ઉકેલવાની ક્ષમતા અને જીવન કૌશલ્યોનો સમાવેશ થવો જરૂરી છે. શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન ફક્ત મંત્રી બદલવાથી આવી જવાનું નથી. મંત્રીઓ બદલાઈ જવાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય કે શિક્ષણ વ્યવસ્થા બદલાઈ જતી હોય તો આઝાદીના આટલા વર્ષે શિક્ષણની તસ્વીર કંઈક જુદી જ હોત ને!**

**મનનમ્**



ડો. યોગેશ ગોરાને

આચાર્ય

વિનય મંદિર, દાંડી

**જલબિન્દુનિપાતેન ક્રમશ પૂર્યતે ઘટ।**

અર્થાત્ પાણીના ટીપાંઓથી ઘડો ભરાય છે. એક એક ટીપુ ભેગું થઈને આખો ઘડો થઈ જાય, તે જ રીતે એક એક વ્યક્તિ જોડાઈને સંગઠન થઈ જાય અને એ સંગઠન જ્યારે સશક્ત બને ત્યારે દેશમાં ક્રાંતિનો માહોલ ઊભો થાય.

હાલમાં જંતરમંતર ઉપર થયેલી કહેવાતી ક્રાંતિમાં પણ એક એક યુવાન ભેગો થઈને મોટું સંગઠન થવાનું પ્રમાણ શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાથી મળી શકે છે. પણ પ્રશ્ન એ થાય કે શું શિક્ષણમંત્રી બદલી જવાથી શિક્ષણ વ્યવસ્થા બદલાઈ જશે ખરી? ૩૬ દિવસની ખેંચતાણ પછી છેલ્લે મંત્રીજીનું રાજીનામું આવ્યું. તેમજ પેપર લીક માટે નવા કાયદાની જોગવાઈની વ્યવસ્થા કદાચ આપણે આ વાંચીએ છીએ ત્યારે થઈ રહી છે. છતાંય મારા જેવા નિર્બુદ્ધને એવું લાગે છે કે મંત્રી બદલાવાથી કે કાયદા ઘડાવાથી મરી ગયેલા છોકરાઓ પાછા આવી જશે ખરા? જે છોકરાઓએ પરીક્ષાના દબાણને કારણે આત્મહત્યા કરી છે.

એવા છોકરાઓના પરિવારને એક એક કરોડ મળી જવાથી શું એ છોકરા પાછા આવી જશે ? મંત્રી બદલાવાથી અને પરિવારને વળતર મળી જવાથી શું ભવિષ્યમાં આવી રીતે બીજું કોઈ અન્ય બાળક આત્મહત્યા નહીં કરશે ? છે તેની કોઈ ગેરંટી.

કદાચ ઉપરોક્ત બધા જ પ્રશ્નો નકારાત્મક લાગતા હશે પણ એ નકારાત્મકતા પાછળની સકારાત્મકતા એ છે કે ફક્ત ઝાડના પાંદડા ઉપરની ધૂળ સાફ કરવાથી ઝાડને પ્રફુલ્લિત થતું નથી, ઝાડને પ્રફુલ્લિત કરવા માટે ઝાડનાં મૂળમાં વ્યવસ્થિત ખાતર પાણી નાખવા પડે. ભારતની



શિક્ષણ વ્યવસ્થાને મૂળમાં વ્યવસ્થિત ખાતર પાણીની જરૂરિયાત છે.

કદાચ અન્ય દેશોના અનુકરણને કારણે અને વિશ્વમાં દેખાડવા પડતા આંકડાઓને કારણે ભારતમાં શિક્ષણના હેતુને કોક્રોચ લાગી ચૂક્યા છે. એ કોક્રોચ માટે વ્યવસ્થિત દવા છંટકાવની જરૂર છે, શિક્ષણ વ્યવસ્થા અને શિક્ષણ પ્રણાલીના હેતુઓને ભારતીય સંદર્ભમાં મુકવા જરૂરી છે. કાયદાઓ તો આજે બનશે અને ગઈકાલે હતાં જ પણ માણસને અંદરથી બદલવાની જરૂર છે અને જ્યાં સુધી માણસ અંદરથી ન બદલાય ત્યાં સુધી ગમે તેટલા ધરણાઓ કરીએ કે ગમે તેટલા વળતર આપીએ પરિસ્થિતિ ફરી ત્યાં ને ત્યાં જ આવીને ઊભી રહેશે.

માત્ર નોકરી માટે નહીં પણ પ્રત્યેક બાળકમાં ખુમારી અને ખુદારી નિર્માણ કરવાનું શિક્ષણ વ્યવસ્થાનું કામ છે.

વધતી સ્પર્ધા અને બદલતા જમાના સાથે રોજગારી સાથે માનસિક ખુમારી નિર્માણ થાય તેવી શિક્ષણ વ્યવસ્થાની જરૂર છે. ભારતીય શિક્ષણ પદ્ધતિમાં મૂળભૂત પરિવર્તનની જરૂર છે. તે માટે સૌ-થમ માત્ર ગુણ અને સ્પર્ધા આધારિત મૂલ્યાંકનને બદલે વિદ્યાર્થીઓની વિવિધ પ્રતિભાઓના મહત્વને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન થવું આવશ્યક છે. કોઈક એક પરીક્ષા વ્યક્તિનું જીવન નક્કી ન કરી શકે, વ્યક્તિનું જીવન પરીક્ષા કરતાં ખૂબ જ કિમતી છે. બે વર્ષ કે ચાર વર્ષની મહેનત ક્યારેક એળે જાય પણ ખરી પણ તેનાથી જીવન ટૂંકાવી ન લેવાય એવી સમજ શિક્ષણથી ઊભી થવી જોઈએ. જીવનનું મૂલ્યાંકન વર્ષોમાં નહીં પ્રયત્નમાં થવું જોઈએ કારણકે વિશ્વમાં એવી અનેક વ્યક્તિઓ છે કે જેમણે જિંદગીના અંતિમ વર્ષોમાં સિદ્ધિ મેળવી છે,

જે નિરાશ થયા વગર સતત પ્રયત્ન કરતા રહ્યા છે.

આથી આપણી શિક્ષણ વ્યવસ્થાથી વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય મજબૂત બને; તેમનામાં ગમે તેવી મુશ્કેલી સામે ઝઝૂમવાની વૃતિ નિર્માણ થવી જોઈએ. વળી, શિક્ષણની સાથે વ્યવસાયલક્ષી શિક્ષણ, કૌશલ્ય વિકાસ, રમતગમત, કલા અને સંશોધન જેવા ક્ષેત્રોને પણ જો સમાન મહત્વ અપાય તો એ માનસિકતા દ્રઢ થાય કે એક માત્ર ડોક્ટર કે એન્જિનિયર બનવું જ જીવનનું સર્વસ્વ નથી. જોકે હવે નવી શિક્ષણ નીતિ (NEP ૨૦૨૦) આ દિશામાં કેટલાક સકારાત્મક પગલાં સૂચવી રહી છે, પરંતુ તેનું અસરકારક અમલીકરણ વધુ મહત્વનું છે. શિક્ષણમાં મૂલ્યો, સર્જનાત્મકતા, સમસ્યા ઉકેલવાની ક્ષમતા અને જીવન કૌશલ્યોનો સમાવેશ થવો જરૂરી છે.

શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન ફક્ત મંત્રી બદલવાથી આવી જવાનું નથી. મંત્રીઓ બદલાઈ જવાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય કે શિક્ષણ વ્યવસ્થા બદલાઈ જતી હોય તો આઝાદીના આટલા વર્ષે શિક્ષણની તસ્વીર કંઈક જુદી જ હોત. પણ એ કામ insta પર એક લાઈક કે શેર કરવા જેટલું સરળ નથી. પણ મંત્રી પરિવર્તનની આ ઘટનાથી એ કહી શકાય કે વિદ્યાર્થી અને સમાજ જાગૃત થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા એ જાગૃતિનું સૌથી મોટું માધ્યમ બની રહ્યું છે. તેથી જ તો દેશના -ધાનમંત્રી પણ ઈંસ્ટ્રીશ્રીં મોડમાં વિડીયો બનાવતા થયા છે. સોશિયલ મીડિયાની આ તાકાતનો ઉપયોગ આપણે શિક્ષણ વ્યવસ્થા બદલવા માટે કેમ ન કરી શકીએ? તો માત્ર દેશની રાજનીતિ બદલવા માટે નહીં પણ શિક્ષણ વ્યવસ્થાને સુધારવા માટે આવું ઐક્ય દેખાડવું જોઈએ, નહીં તો આવતીકાલે કોક્રોચ જેવી જ બીજી કોઈ પાર્ટી આવીને આંદોલન કરશે અને કદાચ એક દિવસ એ જ પાર્ટી ધીમે રહીને રાજકારણ પોતાનાં હાથમાં લેશે અને વિદ્યાર્થીઓ તો હતા ત્યાં ને ત્યાં જ !

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 27, July 2026


## નબળો ડિજિટલ પહેરો

આજકાલના સમયમાં કોઈ એકલ-દોકલ માનવીની બેંક બચત પર સાયબર લૂંટારુઓ ધાડ પાડી જાય ત્યારે ભોગ બનનારની હાલત ભારે કફોડી બની જતી હોય છે. આવામાં દેશના ચાવીરૂપ અણુ વીજ મથકની ગુપ્ત માહિતી જાહેર થવાના ચોંકાવનારા બનાવમાં સાયબર ગુનેગારો હોવાની ઘટનાએ ભારતીયોમાં ભારે ચિંતા જગાવી છે. એકલ-દોકલ બનાવોથી આગળ દેશની સલામતીની વિગતો પર પડેલી આ સાયબર ધાડે ફરી એક વખત ડિજિટલ સલામતીના મુદ્દાની ચર્ચા છેડી છે. તામિલનાડુના કુડનકુલમ ખાતે ભારતના સૌથી મોટા અણુ વીજ મથકના ગુપ્ત અને સંવેદનશીલ હજારો દસ્તાવેજ જાહેર થયા છે. વર્લ્ડ લીક્સનાં નામે કુખ્યાત સાયબર ગુનેગારોની એક ટોળકીએ દાવો કર્યો છે કે, તેણે આ અણુ મથકને સંબંધિત આઠ લાખ ૫૮ હજાર ફાઈલો ડાર્ક વેબ પર જાહેર કરી દીધી છે. આ બનાવે સ્વાભાવિક રીતે જ દેશની અણુ ઊર્જા સંબંધિત સાયબર સલામતીની નબળાઈને છતી કરી દીધી છે. રાષ્ટ્રીય સલામતી માટે ભારે ગંભીર એવા આ બનાવે ફરી એક વખત સાયબર સલામતીની સામે સવાલ ખડા કરી દીધા છે. હવે ભારતીય સાયબર સલામતીનાં તંત્ર અને ભારતીય અણુ ઊર્જા નિગમે આ બનાવની તપાસ શરૂ કરી છે, પણ આ સાયબર ચોરીએ લાલબત્તી ધરી છે કે, આવા ચાવીરૂપ વીજ મથકની ગુપ્ત માહિતી જાહેર થઈ જાય તો તેની સલામતી માટેની વ્યવસ્થા પણ અભેદ્ય ગણી શકાય નહીં. આવા મથકોએ વાસ્તવિક અને સાયબર સલામતી બન્ને મજબૂત હોવી એ દેશના હિતમાં છે.

## અસમમાં કુદરતનો પ્રકોપ મૃત્યુઆંક ૬૬ પહોંચ્યો



### ૧૦ જિલ્લાના ૬.૫૪ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે : વડાપ્રધાનના નિર્દેશ પર આવેલી કેન્દ્રીય ટીમે ચરાઈદેવ જિલ્લાની મુલાકાત લીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)
દીસપુર, તા.૨૬ : અસમમાં પૂરની સ્થિતિ વધુ ગંભીર બની છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૪ લોકોના મોત થતાં રાજ્યમાં પૂરના કારણે જીવ ગુમાવનારાઓનો આંકડો ૬૬ સુધી પહોંચી ગયો છે. હાલમાં જ થયેલા મોતમાં ૩ લોકો શિવસાગર જિલ્લાના અને ૧ વ્યક્તિ ચરાઈદેવ જિલ્લાનો હતો. અસમ રાજ્ય આપદા પ્રબંધન પ્રાધિકરણ (ASDMA) ના રિપોર્ટ અનુસાર, રાજ્યના ૧૦ જિલ્લાઓમાં ૬.૫૪ લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્દેશ પર આવેલી આંતર-મંત્રાલયી કેન્દ્રીય ટીમે રવિવારે ચરાઈદેવ જિલ્લાના પૂર પ્રભાવિત સુમોની ગામની મુલાકાત લઈ નુકસાનીનો ચિતાર મેળવ્યો હતો. ચરાઈદેવ જિલ્લા કમિશનર નેહા યાદવની હાજરીમાં આ ટીમે સ્થિતિની સમીક્ષા કરી હતી. આ ટીમ ૨૯ જુલાઈ સુધી ચરાઈદેવ, શિવસાગર, જોરહાટ અને ગોલાઘાટ જિલ્લાની મુલાકાત લેશે. કેન્દ્ર સરકારને સોંપવામાં આવનારા આ ટીમના રિપોર્ટના આધારે અસમ માટે પુનર્વસન પેકેજ નક્કી કરવામાં આવશે. મુલાકાત પૂર્ણ કર્યા બાદ આ ટીમ મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા સાથે પણ બેઠક કરશે.

પૂરની ગંભીર પરિસ્થિતિ વચ્ચે અસમના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પર માહિતી આપતાં જણાવ્યું હતું કે, અમે પૂરપીડિતો સુધી રાહત સામગ્રી પહોંચાડવા અને એરડ્રોપ કરવા માટે ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટરનો મોટા પાયે ઉપયોગ કરી રહ્યા છીએ. ગ્રાઉન્ડ અનુભવના આધારે, અમે મોટા જથ્થામાં ટાર્ગેટેડ ડ્રોપ કરવાનો પ્રયાસ કરીશું જેથી લોકોને સરળતાથી રાહત સામગ્રી મળી શકે. પૂરના પાણી રાજ્યના ૨૮ મહેસૂલી વર્તુળોના ૮૧૦ ગામો સુધી ફેલાઈ ગયા છે. આશરે ૩૪,૯૭૦ હેક્ટર જમીન પરનો પાક પાણીમાં ગરકાવ થઈ જતાં ખેડૂતોને ભારે નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. કામરૂપ અને કામરૂપ (મેટ્રો) ના શહેરી વિસ્તારોમાં પણ પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે.

રાજ્યના શિવસાગર, ચરાઈદેવ, કામરૂપ, કામરૂપ (મેટ્રો), જોરહાટ, ગોલાઘાટ, ડિબ્રૂગઢ, હોજાઈ, સોનિતપુર અને નગાંવ જિલ્લા સૌથી વધુ પ્રભાવિત થયા છે. જેમાં સૌથી ગંભીર અસર શિવસાગરમાં જોવા મળી છે, જ્યાં આશરે ૨.૯૦ લાખ લોકો પૂરથી પીડાઈ રહ્યા છે. આ સિવાય ચરાઈદેવમાં ૧.૮૮ લાખ અને જોરહાટમાં ૧.૩૨ લાખ લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

### ઈન્ડીયા નીટ વિરોધ

## સરકાર સંસદમાં પરીક્ષા પેપર લીક સુધારા બિલ રજૂ કરશે

ભારત સરકાર સોમવારે સંસદમાં એક સુધારા બિલ રજૂ કરશે, જેમાં જાહેર પરીક્ષાઓના પ્રશ્નપત્ર લીક કરવા સહિતના અન્યાયી માધ્યમોમાં સંડોવાયેલા વ્યક્તિઓ માટે લઘુત્તમ જેલની સજા વધારવામાં આવશે, દંડમાં વધારો કરવામાં આવશે અને ચાર્જશીટ દાખલ થયાના ત્રણ મહિનાની અંદર ઝડપી ટ્રાયલ પૂર્ણ કરવા માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં આવશે.દિવસ-દર-દિવસ ઝડપી ટ્રાયલ પૂરી પાડવાના હેતુથી, દરેક રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્ર, સંબંધિત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શ કરીને, સૂચના દ્વારા, આ કાયદા હેઠળના ગુનાઓનો કેસ ચલાવવા માટે એક ખાસ ફાસ્ટ ટ્રેક કોર્ટ તરીકે સત્ર અદાલતની નિમણૂક કરશે", બિલમાં કહેવામાં આવ્યું છે. નવા કાયદાનો હેતુ વ્યક્તિઓ, સંગઠિત જૂથો અને સંસ્થાઓને અન્યાયી માધ્યમોમાં સંડોવાયેલા ગુનાઓ કરવાથી, જાહેર પરીક્ષાઓની પવિત્રતાને પ્રતિકૂળ અસર કરતા અટકાવવાનો છે.

ફફૂફૂદ પરીક્ષા કૌભાંડ પર દેશવ્યાપી હોબાળો થયા બાદ આ બિલ રજૂ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે દિલ્હી અને અન્ય રાજ્યની રાજધાનીઓમાં ભારે વિરોધ પ્રદર્શનો થયા હતા, જેમાં શિક્ષણ પ્રધાનને બરતરફ કરવાની માંગ કરવામાં આવી હતી. ધર્મેન્દ્ર પ્રધાને શનિવારે રાજીનામુ આપ્યું, જેના પગલે કોકરોચ જનતા પાર્ટીએ આંદોલન પાછું ખેંચી લીધું.એક મહિનાથી વધુ સમય સુધી ચાલેલા વિરોધ -દર્શનો વડા -ધાન નરેન્દ્ર મોદીની રાષ્ટ્રીય લોકશાહી જોડાણ સરકાર માટે એક મોટા પડકાર તરીકે ઉભરી આવ્યા હતા.કાર્યકર્તા સોનમ વાંગચુકે પણ પ્રધાનને મંત્રી તરીકે ચાલુ રાખવાના વિરોધમાં અગાઉ ભૂખ હડતાળ શરૂ કરી હતી. "CJP, રાષ્ટ્રના જનરલ ક્ષ ને અભિનંદન, અને ભય અને ભયના ભયને દૂર કરવા અને દેશના દરેક ખૂણેથી ઉભા થવા બદલ બધા નાગરિકોનો આભાર, વાંગચુકે પ્રધાનને બરતરફ કર્યા પછી X પર પોસ્ટ કરી.

## યુવા અને દેશ પહેલા આવે છે, પદ નહીં: અમિત શાહ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૬ : NEET-UG પરીક્ષામાં થયેલી ગેરરીતિઓ અને દેશભરમાં યુવાનોમાં ફેલાયેલા વ્યાપક રોષ વચ્ચે, કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાએ રાષ્ટ્રીય રાજકારણમાં હલચલ મચાવી દીધી છે. ધર્મેન્દ્ર પ્રધાનના આ અણધાર્યા પગલાથી સરકાર અને શાસક ભારતીય જનતા પાર્ટીના ટોચના નેતાઓએ પ્રતિક્રિયાઓ આપી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહથી લઈને પશ્ચિમ બંગાળના વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી સુધી, ભાજપના નેતાઓએ ધર્મેન્દ્ર પ્રધાનના નિર્ણયને વિદ્યાર્થીઓ પ્રત્યે સિદ્ધાંત અને સમર્પણનું ઉદાહરણ ગણાવ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ભાજપના કાર્યકરો માટે, રાષ્ટ્રના હિત, યુવાનો અને વિદ્યાર્થીઓ કોઈપણ રાજકીય પદ કરતાં વધુ મહત્વપૂર્ણ છે.

અમિત શાહે લખ્યું છે કે આજે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું તેમના પદ પરથી રાજીનામું આ ઉચ્ચ રાજકીય સિદ્ધાંતનું પ્રતીક છે. મોદી સરકાર દેશના યુવાનોની લાગણીઓ અને આકાંક્ષાઓનું ઊંડું સન્માન કરે છે.

## પ્રહલાદ જોશીએ શિક્ષણ મંત્રાલયની સંભાળી જવાબદારી



### રવિવારે રજાના દિવસે પણ બોલાવી અધિકારીઓની બેઠક

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૬ : કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ હવે શિક્ષણ મંત્રાલયની કમાન પ્રહલાદ જોશીના હાથમાં સોંપવામાં આવી છે. પદભાર સંભાળતા સાથે જ તેમણે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે મંત્રાલય હવે રાહ જોવાના મૂડમાં નથી. રવિવાર જેવા રજાના દિવસે પણ તેઓ મંત્રાલય પહોંચ્યા અને અધિકારીઓ સાથે બેઠક કરી. NEET પેપર લીક વિવાદે દેશની પરીક્ષા પ્રણાલી પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યાછે, ત્યારે વિદ્યાર્થીઓની નજર હવે નવા શિક્ષણ મંત્રીના પહેલા નિર્ણયો પર છે. સવાલ માત્ર એ નથી કે નવા મંત્રી કોણ છે, પરંતુ એ પણ છે કે શું હવે પરીક્ષા વ્યવસ્થામાં ખરેખર મોટા ફેરફારો જોવા મળશે કે પછી આ બધું માત્ર કાગળો પૂરતું જ રહેશે.

પ્રહલાદ જોશીએ એવા સમયે શિક્ષણ મંત્રાલયની જવાબદારી સંભાળી છે, જ્યારે સરકાર પર પરીક્ષા પ્રણાલીમાં વિદ્યાર્થીઓનો ફરીથી વિશ્વાસ સ્થાપિત કરવાનું સૌથી મોટું દબાણ છે. NEET-UG પેપર લીક વિવાદ બાદ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)થી લઈને સમગ્ર પરીક્ષા પ્રણાલીની કામગીરી પર સવાલો ઊભા થયા છે. સરકાર પહેલેથી જ પેપર લીક સામે કડક કાયદો લાવવાની તૈયારી કરી ચૂકી છે. હવે ચર્ચા છે કે NEET-UG પરીક્ષામાં પણ મોટા ફેરફારો કરવામાં આવી શકે છે. રિપોર્ટ્સ મુજબ, ભવિષ્યમાં પરીક્ષાને કમ્પ્યુટર આધારિત બનાવવામાં આવી શકે છે અને બે તબક્કામાં યોજવા જેવા વિકલ્પો પર પણ વિચારણા થઈ રહી છે. જોકે આ ફેરફારો અંગે હજુ સત્તાવાર જાહેરાત થઈ નથી, પરંતુ નવા શિક્ષણ મંત્રી સામે પરીક્ષા પ્રણાલીને પારદર્શક અને વિશ્વસનીય બનાવવાનો સૌથી મોટો પડકાર હશે.

રવિવારે કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ સત્તાવાર રીતે શિક્ષણ મંત્રાલયનો કાર્યભાર સંભાળી લીધો. મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર, પદભાર સંભાળ્યા બાદ તરત જ તેમણે સિનિયર અધિકારીઓ સાથે સંક્ષિપ્ત સમીક્ષા બેઠક કરી.

## નંદન નીલેકાણીની આગેવાનીમાં હાઈ પાવર ટાસ્ક ફોર્સ બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૬ :દેશમાં તાજેતરમાં બનેલી NEET પેપર લીકની ઘટનાઓ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક નવો સેલ્ફી વીડિયો સંદેશ જાહેર કરીને દેશના વિદ્યાર્થીઓને મોટી રાહત આપી છે. પીએમ મોદીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ વીડિયો શેર કરતા જાહેરાત કરી છે કે, પેપર લીક જેવી ગંભીર ઘટનાઓને કાયમ માટે રોકવા કાલે સંસદમાં એક કડક કાયદો લાવવામાં આવશે. આ ઉપરાંત, ભવિષ્યમાં પરીક્ષાઓ એકદમ પારદર્શક અને વિશ્વસનીય બને તે હેતુથી, જાણીતા ટેકનોલોજી નિષ્ણાત નંદન નીલેકણીના નેતૃત્વમાં એક શક્તિશાળી ટાસ્ક ફોર્સની રચના કરવાનો પણ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. પોતાના મોબાઈલના સેલ્ફી કેમેરાથી જાતે જ રેકોર્ડ કરાયેલા આ ખાસ વીડિયોમાં પીએમ મોદીએ દેશના યુવાનોને સીધો અને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. તેમણે કહ્યું કે, "મિત્રો, ભારત સરકાર આપણા વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે સતત અનેક કડક પગલાં લઈ રહી છે. જે પણ લોકોએ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કર્યા છે, તેઓ આજે જેલમાં સડી રહ્યા છે." આ ગેરરીતિના મામલાઓમાં વિદ્યાર્થીઓને ઝડપી ન્યાય મળે તે માટે સરકારે ફાસ્ટ-ટ્રેક કોર્ટની પણ સ્થાપના કરી છે અને હવે કડક જોગવાઈઓ સાથેના એક નવા કાયદા તરફ સરકાર ઝડપથી આગળ વધી રહી છે.

## રશિયા-યુક્રેન વચ્ચે ભીષણ યુદ્ધ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મોસ્કો, તા.૨૬ : રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં હુમલાઓનો સિલસિલો યથાવત છે. તાજેતરના હુમલાઓમાં કુલ ૧૫ લોકોના મોત નીપજ્યા છે. શનિવારે રશિયાના કબજા હેઠળના ઝાપોરિઝ્ઝિયા વિસ્તારમાં આવેલા હોલિડે કેમ્પ પર યુક્રેને કરેલા હુમલામાં ૧૨ લોકોના મોત થયા હતા, જ્યારે યુક્રેનના ઉત્તર-પૂર્વીય સુમી વિસ્તારમાં રશિયન ડ્રોન હુમલામાં ૩ લોકોના મોત થયા હોવાનું સત્તાધીશોએ જણાવ્યું છે.

બીજી તરફ, રશિયાએ કઝાકિસ્તાનના કેસ્પિયન પાઈપલાઈન કન્સોર્ટિયમ (CPC) પર યુક્રેન દ્વારા કરવામાં આવેલા હુમલાને ઊર્જા આતંકવાદ ગણાવ્યો છે.

રશિયાનું કહેવું છે કે ઈરાન યુદ્ધના કારણે પહેલેથી જ કાચા તેલના પુરવઠામાં ઘટાડો થયો છે, ત્યારે યુક્રેનના આ હુમલાથી મુશ્કેલીઓમાં વધુ વધારો થશે. ગુરુવારે યુક્રેને આ પાઈપલાઈન પર ડ્રોન હુમલો કર્યો હતો, જેના પછી તેલનો પુરવઠો ઘટાડી દેવામાં આવ્યો છે.

આ પાઈપલાઈનમાંથી વિશ્વના કુલ તેલ નિકાસના ૨ ટકા હિસ્સાનું વહન થાય છે. રશિયન પ્રમુખ કાર્યાલય ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે તેલ પુરવઠા માટે ઝઝ એ કઝાકિસ્તાન, રશિયા અને અમેરિકાનું સંયુક્ત સાહસ છે. શુક્રવારે કાળા સમુદ્રમાં (Black Sea) સ્થિત આ તેલ નિકાસ ટર્મિનલને સંપૂર્ણપણે ઠપ કરી દેવામાં આવ્યું છે. આ ટર્મિનલ પરથી નિકાસ અટકવાને કારણે વૈશ્વિક તેલ બજાર પર મોટી અસર પડશે. રશિયાએ સ્પષ્ટ કર્યું છે કે યુક્રેનનું આ કૃત્ય વૈશ્વિક ઊર્જા સ્ત્રોતોને જોખમમાં મૂકતો આતંકવાદી હુમલો છે.

### કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬

## વેઈટલિફ્ટર રિષિકાંત સિંહે ભારતને પ્રથમ સિલ્વર મેડલ અપાવ્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૬ : કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતે વેઈટલિફ્ટિંગમાં શાનદાર શરૂઆત કરી છે. મણિપુરના રિષિકાંત સિંહે મેન્સ 60kg મુકાબલામાં કુલ 264kg વજન ઉઠાવી ભારત માટે પ્રથમ સિલ્વર મેડલ જીત્યો. મલેશિયાના મોહમ્મદ અણિક બિન કસદાને 273kg વજન ઉઠાવી ગોલ્ડ મેડલ મેળવ્યો. જોશુઆ મ્બોયાએ બ્રોન્ઝ જીત્યો. આજે સાંજે મીરાબાઈ ચાનુ ગોલ્ડ મેડલ ડિફેન્ડ કરવા મેદાનમાં ઉતરશે.

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ માં ભારતે વેઈટલિફ્ટિંગમાં શાનદાર શરૂઆત કરી છે. મણિપુરના વેઈટલિફ્ટર રિષિકાંત સિંહે મેન્સ 60kg મુકાબલામાં શાનદાર પ્રદર્શન કરતા કુલ ૨૬૪ાક્ષ વજન ઉઠાવીને ભારત માટે આ ગેમ્સનો પ્રથમ સિલ્વર મેડલ જીતી લીધો છે. મલેશિયાના મોહમ્મદ અણિક બિન કસદાને કોમનવેલ્થ ગેમ્સના રેકોર્ડ સાથે કુલ ૨૭૩ાક્ષ વજન ઉઠાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે.

### PM નું મન કી બાતમાં સંબોધન

## મને દેશની યુવાશક્તિ પર ગર્વ છે : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૬ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાત ના ૧૩૬ મા એપિસોડને સંબોધિત કર્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં તેમણે કાર્ગિલ વિજય દિવસનો ઉલ્લેખ કરીને દેશના વીર જવાનોને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ભારતીય માટે ગર્વ અને અદમ્ય સાહસની યાદ અપાવે છે. આ ઉપરાંત, વડાપ્રધાને આંતરરાષ્ટ્રીય



સાયન્સ ઓલમ્પિયાડમાં ભારતીય વિદ્યાર્થીઓના શાનદાર પ્રદર્શનની પ્રશંસા કરી હતી. ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને મેથેમેટિક્સ ઓલમ્પિયાડમાં ભારતીય ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને વૈશ્વિક સ્તરે દેશનું નામ રોશન કર્યું છે.ભારતીય નૌકાદળમાં આઈએનએસ મહેન્દ્રગિરી (INS Mahendragiri) ના સમાવેશને ટાંકતા વડાપ્રધાને તેને સ્વદેશી રક્ષા નિર્માણનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું.

## અમેરિકામાં ત્રીજા ભીષણ હીટ ડોમનું જોખમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૨૬ : અમેરિકાના દક્ષિણ અને મધ્ય રાજ્યોમાં ભયાનક ગરમીના કારણે લગભગ ૭૦ મિલિયન (૭ કરોડ) લોકો માટે એક્સિટન્સિવ હીટ એડવાઈઝરી (અતિશય ગરમીની ચેતવણી) જાહેર કરવામાં આવી છે. અહીં તાપમાન 95-105°F (35-40°C) સુધી પહોંચવાની શક્યતા છે. છેલ્લા એક મહિનામાં અમેરિકામાં આ ત્રીજી મોટી હીટ ડોમ (Heat Dome) ઘટના છે, જે વીકેન્ડ દરમિયાન વધુ મજબૂત બની રહી છે. તે મેક્સિકોના અખાતથી લઈને ગ્રેટ પ્લેઈન્સ અને મિડવેસ્ટ સુધીના વિશાળ વિસ્તારને આવરી લે છે. દક્ષિણ-પશ્ચિમ અમેરિકાના રણ પ્રદેશોમાં તાપમાન 120°F (48°C) સુધી પહોંચી શકે છે. હીટ ડોમ એક ઉચ્ચ-દબાણવાળી વાતાવરણીય સિસ્ટમ છે, જે ઢાંકણની જેમ કામ કરે છે, અને ગરમીને દિવસો કે, અઠવાડિયા સુધી એક જ જગ્યાએ જકડી રાખે છે, જેના કારણે આગામી સપ્તાહમાં પણ આ ગરમી યથાવત રહેવાની ધારણાં છે.ઉનાળામાં હીટવેવ સામાન્ય છે, પરંતુ માનવસર્જિત વાતાવરણના ફેરફારને કારણે આવી ઘટનાઓની તીવ્રતા વધતી જાય છે. અશ્મિભૂત ઈંધણ (Fossil Fuels) બાળવાને કારણે ઉત્સર્જિત થતા વાયુઓને લીધે ગ્લોબલ વોર્મિંગ એટલું વધી ગયું છે કે, જે માનવ સભ્યતાના ઈતિહાસમાં અગાઉ ક્યારેય જોવા મળ્યું નથી. અમેરિકામાં આ ઉનાળો અત્યંત ગરમ રહ્યો છે. જુલાઈના શરૂઆતમાં આવેલા વિશાળ હીટ ડોમને કારણે દેશના પૂર્વ ભાગમાં ઈન્ડિપેન્ડન્સ ડે (૪ જુલાઈ)ના કેટલાક કાર્યક્રમો રદ કરવા પડ્યા હતા. ત્યારબાદ પશ્ચિમ ભાગમાં આવેલી, બીજી હીટવેવના કારણે મોન્ટાનામાં તાપમાન 115°F (46°C) નોંધાયું હતું.

## રાજનાથ સિંહે પાકિસ્તાનને અરિસો બતાવ્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)
દ્રાસ, તા.૨૬ : કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રવિવારે (૨૬ જુલાઈ) દ્રાસમાં આયોજિત 'કારગિલ વિજય દિવસ' કાર્યક્રમમાં પોતાના સંબોધન દરમિયાન પાકિસ્તાન પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે સ્પષ્ટ કહ્યું કે, "ભારત અને પાકિસ્તાન વચ્ચે જો ક્યારેય વાતચીત થશે, તો તે ફક્ત પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીર (PoK)ને લઈને થશે. PoK ભારતનો અભિન્ન હિસ્સો છે અને તેના પર પાકિસ્તાનનો કબજો ગેરકાયદેસર છે." આ દરમિયાન તેમણે પાકિસ્તાનની સેના અને આતંકવાદ વચ્ચે કથિત ગઠબંધન પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, પાકિસ્તાનની સેના આતંકવાદીઓનું સમર્થન કરે છે અને ત્યાં સેના અને આતંકીઓ વચ્ચે કોઈ અંતર રહ્યું નથી.સંરક્ષણ મંત્રીએ ભારત અને પાકિસ્તાનની વિકાસ યાત્રાની તુલના કરતા કહ્યું કે, "બંને દેશોની પ્રાથમિકતાઓમાં જમીન-આસમાનનો અંતર છે. ભારત ડેટા સેન્ટર બનાવી રહ્યું છે, જ્યારે પાકિસ્તાન કટ્ટરપંથના કેન્દ્રો તૈયાર કરી રહ્યું છે. ભારત જહાજોની ડિઝાઈન અને ટેકનિક પર કામ કરી રહ્યું છે, ત્યાં પાકિસ્તાન આતંકવાદની ડિઝાઈન તૈયાર કરવામાં લાગેલું છે. ભારત પોતાના યુવાનો માટે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસિત કરી રહ્યું છે, જ્યારે પાકિસ્તાન આતંકનું ઈકોસિસ્ટમ ઊભું કરી રહ્યું છે."તેમણે પાકિસ્તાન પર વધુ આકરા પ્રહાર કરતા કહ્યું કે, "ભારત સેમિકન્ડક્ટર બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે, જ્યારે પાકિસ્તાન આત્મઘાતી બોમ્બ બનાવવામાં વ્યસ્ત છે.

## ગુજરાતમાં ૩૦ જુલાઈ અને ૧ ઓગસ્ટે ભારેથી અતિભારે વરસાદની ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૨૬ : ગુજરાતમાં એક તરફ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં તો અત્યાર સુધી અતિભારે વરસાદ પડ્યો છે. સુરત, નવસારી, વલસાડ જેવા જિલ્લાઓમાં પૂરની સ્થિતિનું નિર્માણ થયું હતું. જ્યારે અમદાવાદમાં પણ એક દિવસમાં ૧૦ ઈંચ કરતા વધુ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે હવામાન વિભાગે નવી આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં સારો વરસાદ છે. સૌરાષ્ટ્રમાં ઓછો વરસાદ છે. હવામાન વિભાગે જણાવ્યું કે આજે ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે રાજ્યમાં બે દિવસ યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે જણાવ્યું કે રાજસ્થાનમાં લો પ્રેશર બન્યું હોવાને કારણે રાજ્યમાં વરસાદ પડ્યો હત.

હવામાન વિભાગે જણાવ્યું કે આગામી સપ્તાહે પણ એક સિસ્ટમ સક્રિય થઈ શકે છે.

બંગાળની ખાડીમાં વેલમાર્ક લો પ્રેશરને કારણે ફરી રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૩૦ જુલાઈની આસપાસ ગુજરાતમાં તેની અસર થશે. એક સમયે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે ૩૦ જુલાઈએ છોટાઉદેપુર, ભરૂચ, તાપી, વલસાડમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. તો ૧ ઓગસ્ટે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે કહ્યું કે અત્યાર સુધી સિઝનનો કુલ ૧૨ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે અમદાવાદમાં સામાન્ય કરતા ૪૫ ટકા વધુ વરસાદ પડ્યો છે.

## આ લડાઈનો અંત નથી- CJPના વડા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી, તા.૨૬ : દિલ્હીના જંતર-મંતર પર ૩૭ દિવસથી ચાલી રહેલા હિંસક વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનના અંતના એક દિવસ પછી, કોકરોચ જનતા પાર્ટી (CJP)ના ૩૦ વર્ષીય સ્થાપક અભિજીત દિપકેનો પહેલો વિડિઓ સંદેશ સામે આવ્યો છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને સરકારે પ્રદર્શનકારીઓની મુખ્ય માંગણીઓ સ્વીકાર્યા બાદ CJP એ પોતાનો વિરોધ પાછો ખેંચી લીધો હતો. રવિવારે સવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક વિડિઓ શેર કરતા, દિપકેએ તેમના સમર્થકોનો આભાર માન્યો અને સ્પષ્ટ કર્યું કે વિરોધ હજુ પૂરો થયો નથી, પરંતુ દેશના યુવાનો માટે એક નવી ક્રાંતિની શરૂઆત છે.

લાંબા સંઘર્ષ પછી પોતાને મળેલી રાહત શેર કરતા, અભિજીત દિપકેએ કહ્યું કે અઠવાડિયાના સતત ખચકાટ અને માનસિક તાણ પછી, તે આખરે પોતાના ઘરે શાંતિથી સૂઈ શક્યો. તેમણે વિડિઓમાં કહ્યું કે, આજે હું મારા બેડરૂમમાં જાગી શક્યો, આગળ શું રણનીતિ બનાવવી કે સાંજ સુધીમાં પોલીસ અને વહીવટ શું કરશે
તેની ચિંતા કર્યા વિના.

સાચું કહું તો, છેલ્લા ૩૭ દિવસ આપણા બધા માટે ખૂબ જ મુશ્કેલ અને માનસિક રીતે થકવી નાખનારા રહ્યા છે. દીપકે ભારપૂર્વક જણાવ્યું હતું કે જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન સમાપ્ત થવાનો અર્થ એ નથી કે જવાબદારી માટેની લડાઈ બંધ થઈ ગઈ છે.

# વાપી મનપા-એનજીઓ સાથે મળી અસરગ્રસ્તોને સહાય વિતરણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૬ :** વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાવા, કાચા મકાનોને નુકસાન, પતરા ઊડી જવા અને ઘરવખરી બગડવાની તેમજ ખેતીના પાક અને ઝાડ પડી જવાની ઘટનાઓ સામે આવી હતી. આ મુશ્કેલ પરિસ્થિતિમાં અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત પહોંચાડવા માટે રાજ્યના નાણાં અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ વાપી મહાનગરપાલિકા અને કેટલીક એનજીઓ દ્વારા આ રાહત વિતરણ કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં જરૂરિયાત મંદ લોકોને તાત્કાલિક ૬૮૦૦ કેશ ડોલ તેમજ ફૂટ પેકેટ અનાજની કીટ અને તાડપત્રી આપવામાં આવી રહી છે.

આ કામગીરીમાં મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ તેમજ વિવિધ સમિતિના ચેરમેન અને કાઉન્સિલરોએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને વરસાદના પાણીથી મુશ્કેલીમાં મુકાયેલા લોકોને સહાય સામગ્રીનું વિતરણ કર્યું હતું.

સરકાર દ્વારા આપવામાં આવતી અસરગ્રસ્ત પરિવારોને રૂા.૬,૮૦૦ની રોકડ સહાય (કેશ ડોલ), જીવનજરૂરિયાતની અનાજ કીટ, ફૂટ પેકેટ, તાડપત્રી તેમજ અન્ય આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જે પરિવારોના મકાનોને ભારે નુકસાન થયું છે અથવા પતરા ઊડી ગયા છે, તેમને પ્રાથમિક ધોરણે જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. અધિકારીઓ તેમજ વાપી મહાનગરપાલિકાના હોદ્દેદારો દ્વારા જણાવ્યું હતું કે આગામી બે દિવસમાં તમામ અસરગ્રસ્ત પરિવારો સુધી રાહત સામગ્રી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ સમગ્ર કામગીરી દરમિયાન વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કે. એન. રાણા, મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ સ્થાનિક એનજીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# હોન્ડ ગામ પાસે વાહન અડફટે ઘવાયેલા વૃધ્ધનું અંતે મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૭ :** ચીખલી ને.હા. નંબર ૪૮ ઉપર હોન્ડ ગામની હદમાં સાંજના સુમારે એક અજાણ્યા વાહન ચાલકે એક વૃદ્ધને અડફેટે લેતા ગંભીર ઈજાના કારણે સ્થળ ઉપર મોત નીપજ્યું હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોધાવા પામ્યો છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના હોન્ડ ગામના ચોકી ફળિયા ખાતે રહેતા જયેશ રવજી હળપતિ ઉ.વ. ૫૮ જે શનિવારે સાંજના સમયે સુરત થી મુંબઈ જતા ટ્રેક ઉપર રસ્તો ક્રોસ કરી રહ્યા હતાં. દરમિયાન એક અજાણ્યા વાહન ચાલકે જયેશભાઈ હળપતિને ટક્કર મારતા જયેશભાઈ હળપતિને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ તથા જેનું સ્થળ ઉપર મોત નીપજ્યું હતું બનાવ અંગેની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

# દમણ ભાજપ પ્રદેશ પ્રમુખે વરકુંડના અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા.૨૬ :** તાજેતરના ભારે વરસાદને કારણે જિલ્લાના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે અને પૂર આવ્યું છે. ભારતીય જનતા પાર્ટીના દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રદેશ પ્રમુખ મહેશ અગરિયા અસરગ્રસ્ત વિસ્તારોનું મૂલ્યાંકન કરવા માટે વરકુંડ પહોંચ્યા હતાં.

તેમણે વરકુંડ સરપંચ ડૉ. વિજયભાઈ પટેલ સાથે અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું અને પાણી ભરાવાથી પ્રભાવિત પરિવારોને મળ્યા અને તેમની સમસ્યાઓ સાંભળી હતી. તેમણે અસરગ્રસ્ત લોકોને શક્ય તમામ સહાયની ખાતરી આપી હતી. મહેશ અગરિયાએ જણાવ્યું હતું કે ભાજપ અસરગ્રસ્ત પરિવારોને વહીવટીતંત્ર તરફથી પૂરતું વળતર અને જરૂરી સહાય મળે તે સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરશે. તેમણે વહીવટીતંત્રને રાહત અને પુનર્વસનના પ્રયાસો ઝડપી બનાવવા પણ અપીલ કરી હતી.

# ધરમપુર તાલુકાનાં ઉખડેલા માર્ગોનો ફોટો મોકલો : ધારાસભ્ય અરવિંદ પટેલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૬ :** ધરમપુર તાલુકામાં સતત વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે માર્ગ વ્યવસ્થા સુચારૂ રહે અને લોકોને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે માટે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ સતત સક્રિય બની તંત્ર સાથે સંકલન કરી રહ્યા છે. વરસાદને કારણે માર્ગો, પુલો અને એપ્રોચ રોડને થયેલા નુકસાનની તાત્કાલિક મરામત થાય તે માટે તેમણે માર્ગ અને મકાન (R&B) વિભાગને જરૂરી સૂચનાઓ આપી કામગીરી ઝડપી બનાવવા ભાર મૂક્યો છે.

તાજેતરમાં ભૂસ્ખલનના કારણે અવરોધિત થયેલા માર્ગને વિભાગ દ્વારા ટૂંકા સમયમાં ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો કરવામાં આવતા ધારાસભ્યએ માર્ગ અને મકાન વિભાગની સમગ્ર ટીમની કામગીરીને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે જનહિતને પ્રાથમિકતા આપી કરવામાં આવેલી ઝડપી કામગીરીથી સ્થાનિક લોકોને મોટી રાહત મળી છે.

ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે નાગરિકોને અપીલ કરી છે કે તેમના વિસ્તારમાં વરસાદને કારણે માર્ગ, પુલ, એપ્રોચ રોડ અથવા અન્ય જાહેર સુવિધાને નુકસાન થયું હોય તો તેના ફોટા તથા સ્થળની સંપૂર્ણ વિગતો ૭૩૫૯૪૭૭૨૭૨ અથવા ૯૯૭૯૪૪૩૧૫૬ નંબર પર મોકલે. મળતી માહિતી સંબંધિત વિભાગ સુધી તાત્કાલિક પહોંચાડવામાં આવશે, જેથી વિલંબ વગર જરૂરી કાર્યવાહી હાથ ધરી શકાય.

તેમણે જણાવ્યું હતું કે માર્ગ અને મકાન વિભાગ વરસાદી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યો છે અને જ્યાંથી પણ નુકસાનની માહિતી મળે છે ત્યાં તાત્કાલિક ટીમ મોકલી મરામતની કામગીરી શરૂ કરવામાં આવી રહી છે. સાથે જ નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, સાવચેતી રાખવા અને માર્ગ સંબંધિત કોઈપણ સમસ્યાની જાણ સમયસર કરવા પણ અપીલ કરવામાં આવી છે. ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે ઉમેર્યું હતું કે જનતાની સુરક્ષા અને અવરજવર સરળ રહે તે તેમની પ્રથમ પ્રાથમિકતા છે અને વરસાદી સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી તંત્ર સાથે સતત સંકલન રાખી જરૂરી તમામ પગલાં લેવામાં આવશે.

# ઉદવાડા દરિયામાંથી અજાણી લાશ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૬ :** પારડી તાલુકાના ઉદવાડા ગામના જીમખાના નજીક દરિયાકિનારે રવિવારે સવારે આશરે ૩૫થી ૪૦ વર્ષના અજાણ્યા પુરુષની લાશ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, ઉદવાડા ગામના વોર્ડ નં. ૬ના સભ્ય અને સામાજિક કાર્યકર વિજયભાઈ વિઠ્ઠલભાઈ ઘો. પટેલને ગામના સરપંચ ધર્મેન્દ્રભાઈ પટેલે ફોન કરીને ઉદવાડા જીમખાના પાસે દરિયામાં લાશ તણાઈ આવ્યાની જાણ કરી હતી. ત્યારબાદ તેઓ સ્થળ પર પહોંચતા ત્યાં સ્થાનિક લોકો ભેગા થયા હતાં અને દરિયામાં એક અજાણ્યા પુરુષની લાશ તરતી જોવા મળી હતી. સ્થાનિક ગ્રામજનોએ લાશને બહાર કાઢી હતી. મૃતક કાળા રંગની ટી-શર્ટ અને કાળા રંગનું લોવર પહેરેલો હતો. પોલીસને સોંપતા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ઓરવાડ સરકારી હોસ્પિટલના પી.એમ. રૂમમાં ખસેડ્યો હતો.

# કપરાડા-નાનાપોંઢાનાં ૧૦થી ૧૨ ગામોમાં ચાર દિવસથી અંધારપટ્ટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૨૬ :** વલસાડ જિલ્લાના કપરાડા તેમજ નાનાપોંઢા તાલુકાના અનેક ગામોમાં છેલ્લા ચાર દિવસથી વીજ પુરવઠો ખોરવાતા ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સતત ભારે વરસાદ, ઝાડ ધરાશાયી થવા અને વીજ પોલ તૂટી પડવાની ઘટનાઓને કારણે અનેક વિસ્તારોમાં વીજળી બંધ થઈ ગઈ હતી. પરિણામે લોકો અંધારામાં રાત્રી પસાર કરવા મજબૂર બન્યા હતાં.

કપરાડા તાલુકાના મેઘવાળ, કરચોડ, દહીંખેડ, વારોલી, બુરવડ, પીપરોણી, ફતેપુર સહિત અંદાજે ૧૦થી ૧૨ ગામોમાં વીજ પુરવઠો સંપૂર્ણપણે બંધ રહ્યો હતો. વીજળીના અભાવે પીવાના પાણીની વ્યવસ્થા, મોબાઈલ ચાર્જિંગ, વિદ્યાર્થીઓના અભ્યાસ તેમજ દૈનિક જીવનની વિવિધ કામગીરી પર ગંભીર અસર પડી હતી. વરસાદી માહોલ વચ્ચે ગ્રામજનોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

વીજ વિભાગની ટીમો ખામી દૂર કરવા માટે સતત કામગીરીમાં જોડાઈ હતી, પરંતુ સતત વરસાદ અને દુર્ગમ વિસ્તારોને કારણે મરામત કાર્યમાં વિલંબ થયો હોવાનું જાણવા મળ્યું છે. ગ્રામજનોએ વીજ પુરવઠો ઝડપથી પૂર્વવત્ કરવામાં આવે તેવી માંગ કરી છે, જેથી સામાન્ય જનજીવન ફરી રાબેતા મુજબ શરૂ થઈ શકે. હાલ પણ કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો સંપૂર્ણપણે પુનઃસ્થાપિત થયો નથી, જેના કારણે લોકોમાં ચિંતા અને અસંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

# પારનેરા હાઈવથી દારૂ સાથે એક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ એલસીબીની ટીમ વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હોય જે દરમિયાન બાતમી મળતા પોલીસની ટીમ પારનેરા, ને.હા.નં.૪૮, મુકુન્દ બ્રીજ ઉતરતા, મુંબઈથી સુરત જતા રોડ ઉપર ગ્રે કલરની મારૂતિ સુઝુકી ગ્રાન્ડ વિટારા કાર નં.GJ-15-CN-3954 ને અટકાવી તેની અંદર તપાસ કરતાં દારૂની બાટલી નંગ ૨૦૧ કિંમત રૂપિયા ૧,૨૦,૨૦૪ રૂપિયા કારની કિંમત પાંચ લાખ એક મોબાઈલ કિંમત ૧૦,૦૦૦ રૂપિયા મળી કુલ ૬,૩૦,૨૦૪ રૂપિયાના મુદ્દામાલ સાથે કાર ચાલક આરોપી સાજનકુમાર બાબુભાઈ પટેલ ઉ.વ.૨૯ રહે.૨૦૩, માધવ રેસીડેન્સી, પારિજાત સોસાયટીની સામે, જહાંગીરપુરા, ચિતરાલી રોડ, સુરત શહેર, સુરતની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે દારૂનો જથ્થો ભરાવનાર રાહુલ નામના ઈસમને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

# પારડીનાં અસરગ્રસ્ત વિસ્તારનો પ્રદેશ ભાજપ પ્રમુખે તાગ મેળવ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**પારડી, તા.૨૬ :** પારડી તાલુકા અને પારડી શહેરમાં થયેલી ભારે વરસાદ અને અતિવૃષ્ટિને કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિની વચ્ચે રાજયના નાગરિકોની સાથે ખભેખભા મળીને ઊભા રહેવા ભારતીય જનતા પાર્ટીની સરકાર અને સંગઠન સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના નેતૃત્વમાં ભાજપના વરિષ્ઠ નેતાઓના પ્રતિનિધિ મંડળે પારડી તાલુકા અને શહેરના અતિવૃષ્ટિ પ્રભાવિત વિસ્તારોની સ્થળ મુલાકાત લીધી હતી અને જરૂરિયાતવાળા વિસ્તારોમાં જઈને ફૂડ વિતરણ કીટ વિતરણ કરી હતી. આ મુલાકાતમાં પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોન પ્રભારી પ્રશાંતભાઈ કોરાટ ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ-ડાંગ સાંસદ અને લોકસભા દંડક ધવલભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વલસાડ જિલ્લા મહામંત્રીઓ કમલેશભાઈ પટેલ, નિખિલભાઈ ચોકસી, વિપુલભાઈ ભોયા, વાપી મહાનગરના મેયર દક્ષાબેન પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, પારડી શહેર પ્રમુખ વિપુલભાઈ પટેલ, પારડી નગરપાલિકા પ્રમુખ ચેતનભાઈ નાયકા, ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન, કારબારી અધ્યક્ષ ચેતનભાઈ ભંડારી, બાંધકામ ચેરમેન પ્રણવભાઈ દેસાઈ, ટાઉન પ્લાનિંગ ચેરમેન સિરીશભાઈ પટેલ, પાલિકા સદસ્ય ઈલાબેન પરમાર, જાગૃતીબેન દેવેન્દ્રભાઈ શાહ, મેઘાબેન ભાવસાર, પાલિકાના ચીફ ઓફિસર કોમલબેન સહિત સંગઠનના હોદ્દેદારો અને ચૂંટાયેલી પાંખના સભ્યો તેમજ સ્થાનિક કાર્યકર્તાઓ અને જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

પૂરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે-ઘરે જઈને નાગરિકો સાથે આત્મીય સંવાદ કર્યો, તેમની મુશ્કેલીઓ સાંભળી અને વહીવટી તંત્ર સાથે મળીને સ્થિતિનું ત્વરિત મૂલ્યાંકન કર્યું. આ દરમિયાન રાહત-સહાય સામગ્રીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે અતિવૃષ્ટિની આ આપત્તિમાં વલસાડ જિલ્લાના એક-એક નાગરિક અમારા માટે પરિવાર છે. સરકાર અને સંગઠનના તમામ સ્તરે કામગીરી ચાલી રહી છે. કોઈ પણ નાગરિકને રાહત, બચાવ અને પુનર્વસનમાં કોઈ તકલીફ ન પડે તેની સંપૂર્ણ કાળજી લેવામાં આવશે ભાજપનું સંગઠન આગામી દિવસોમાં પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત હાજર રહીને સેવાકાર્ય ચાલુ રાખશે.

# દાનહમાં ઢોર ચરાવવા ગયેલા યુવકનો મૃતદેહ મળ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૬ :** દાદરા અને નગર હવેલીમાં સતત વરસાદ વચ્ચે ગુમ થયેલા એક યુવકનો મૃતદેહ શુક્રવારે મળી આવ્યો હતો. મૃતકની ઓળખ દેવ્યભાઈ રામુભાઈ બરફ, રહે. સિલી, તળાવપાડા તરીકે થઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ દેવ્યભાઈ વરસાદ દરમિયાન ઢોર ચરાવવા ગયા હતા. આ દરમિયાન તેઓ પાણીના વહેણમાં તણાઈ જતાં ગુમ થઈ ગયા હતા. સ્થાનિક લોકો અને પ્રશાસન દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને શુક્રવારે તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. પોલીસે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા તપાસ ચાલી રહી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ આ ઘટના સાથે જિલ્લામાં ભારે વરસાદ સંબંધિત મૃત્યુઆંક ત્રણ પર પહોંચ્યો છે. જોકે જિલ્લા પ્રશાસન તરફથી હજુ સુધી કુલ મૃત્યુઆંક અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

# વલસાડ જિલ્લામાં ૨.૨૪ લાખથી વધુ ગ્રાહકોના ઘરોમાં ફરી રોશની

**વલસાડ, તા.૨૬ :** વલસાડ જિલ્લામાં તાજેતરમાં આવેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિને કારણે પ્રભાવિત થયેલા વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે. પૂરના પાણી ભરાવા અને નુકસાનીના કારણે સાવચેતીના ભાગરૂપે બંધ કરવામાં આવેલો વીજ પુરવઠો મોટાભાગના વિસ્તારોમાં સફળતાપૂર્વક પૂર્વવત કરી દેવામાં આવ્યો છે. આ પૂરની પરિસ્થિતિમાં જિલ્લાના કુલ ૧૦૨ ફીડર, ૨૨૩ ગામો, ૫,૪૩૧ ટ્રાન્સફોર્મર સેન્ટર અને ૨,૪૯,૬૪૭ વીજ ગ્રાહકોને અસર પહોંચી હતી. જેની સામે તંત્રની સઘન કામગીરીને પગલે અત્યાર સુધીમાં ૧૦૧ ફીડર, ૨૧૪ ગામો, ૫,૨૮૨ ટ્રાન્સફોર્મર સેન્ટર અને ૨,૨૪,૩૧૮ વીજ ગ્રાહકોનો વીજ પુરવઠો સફળતાપૂર્વક પુનઃસ્થાપિત કરી દેવામાં આવ્યો છે.

# તિથલ અને કોસંબાના અસરગ્રસ્તોને સહાય અપાઈ



**વલસાડ, તા. ૨૬ :** વલસાડ જિલ્લામાં ભારે વરસાદના કારણે થયેલા નુકસાનને અનુલક્ષીને વલસાડ તાલુકાના તીથલ અને કોસંબા ગામ ખાતેથી રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલ સહાય રાશિના ચેકનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, લોકસભા દંડક તથા વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, ધારાસભ્ય ભરતભાઈ પટેલ તથા તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલની ઉપસ્થિતિમાં કુલ ૭૯ અસરગ્રસ્ત પરિવારોને રૂા.૫,૩૭,૨૦૦ની સહાય અર્પણ કરવામાં આવી. જેમાં તીથલના ૨૦ અને કોસંબાના ૫૯ પરિવારોનો સમાવેશ થાય છે.

આપત્તિગ્રસ્ત દરેક પરિવારને સમયસર સહાય મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર જિલ્લામાં તબક્કાવાર સહાય વિતરણની કામગીરી સતત હાથ ધરવામાં આવી રહી છે, જેથી અસરગ્રસ્ત પરિવારોનું જીવન ઝડપથી સામાન્ય બની શકે.

# ડુંગરી હાઈવેથી રૂા.૮ લાખના દારૂ સાથે એક ઝડપાયો

**વલસાડ, તા.૨ :** વલસાડ એલસીબી પીઆઈ એ.યુ. રોઝ એલ.સી.બી. તથા એલસીબી ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી. તે દરમિયાન બાતલી મળી કે એક ટેમ્પામાં દારૂ ભરી સુરત તરફ લઈ જવાઈ રહ્યો છે. જે બાતમીના આધારે એલસીબીની ટીમ વલસાડના ડુંગરી હાઈવે પર વોચ ગોઠવી ઊભા રહેતા બાતમીવાળો ટેમ્પોને અટકાવી તપાસ કરતા રાઈસ કુશ્કુના પ્લાસ્ટીકના કોથળાઓ નંગ - ૧૦૦ કિ.રૂ.૩૧,૫૦૦ની આડમાંથી દારૂ કિંમત ૮ લાખ, મોબાઈલ મળી કુલ્લે કિ.રૂ.૨૨,૫૭,૪૪૪ના મુદ્દામાલ સાથે ટેમ્પો ચાલક આરોપી હિંમતભાઈ હાજાભાઈ સોલંકી ઉ.વ.૩૮ રહે. ગામ-મોટી ફાફણી, માલાગામ તા.કોડીનાર જી.ગિર સોમનાથની ધરપકડ કરવામાં આવી છે. દારૂ ભરેલ ટેમ્પો આપનાર અને મંગાવનાર મનુભાઈ રહે ઉના ગીર સોમનાથને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403


દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's, DONEAR, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200




Monday 27, July 2026

# દમણગંગા ટાઈમ્સ



વઘઈ નજીક આવેલો કોષમાળનો ભીગુ ધોધ કુદરતે ગુજરાતને આપેલી અમૂલ્ય ભેટ સમાન છે, જેની સુંદરતા ચોમાસામાં સોળે કળાએ ખીલી ઊઠે છે.જોકે, ધોધની મુલાકાતે આવતા પ્રવાસીઓએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે.

## વાપી સ્ટેશને સૌરાષ્ટ્ર, કચ્છ એક્સપ્રેસને બાદ કરતાં ટ્રેન વ્યવહાર પૂર્વરત

### એસટી ડેપોની પણ દમણ રૂટને બાદ કરતા તમામ બસ દોડી રહી છે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** દક્ષિણ ગુજરાતમાં ગુરુવાર અને શુક્રવારે પડેલા ભારે વરસાદના કારણે મુંબઈ-અમદાવાદ રેલ માર્ગ પર ટ્રેન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. વલસાડ, વાપી અને ઉમરગામ વિસ્તારમાં પાણી ભરાતા અનેક ટ્રેનો મોડી દોડી હતી તેમજ કેટલીક ટ્રેનો રદ કરવી પડી હતી. જોકે શનિવારથી હવામાન સુધરતા મોટાભાગની ટ્રેનો નિયમિત સમયે દોડવા લાગી છે.

રેલવે સૂત્રોના જણાવ્યા અનુસાર, સૌરાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે સૌરાષ્ટ્ર એક્સપ્રેસ અને કચ્છ એક્સપ્રેસને રદ કરવામાં આવી છે. આ સિવાયની લાંબા અંતરની મોટાભાગની ટ્રેનો હવે નિયમિતપણે દોડી રહી છે, પરંતુ કેટલીક ટ્રેનો હજુ થોડા કલાકના વિલંબ સાથે પસાર થઈ રહી છે.

વાપી રેલવે સ્ટેશનના અધિકારીઓએ જણાવ્યું કે, વરસાદના કારણે ટ્રેક પર પાણી ભરાતા સિગ્નલ અને ટ્રેક લાઈનમાં તકલીફ સર્જાઈ હતી. તેને કારણે ગુરુવાર-શુક્રવારે પેસેન્જરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. રેલવેના કર્મચારીઓએ યુદ્ધના ધોરણે કામગીરી કરીને શનિવાર સવાર સુધીમાં માર્ગને ટ્રેન વ્યવહાર માટે યોગ્ય બનાવ્યો હતો.

હાલ મુંબઈ-અમદાવાદ વચ્ચે. પેસેન્જર અને એક્સપ્રેસ ટ્રેન સરળ રીતે દોડી રહી છે. માત્ર સૌરાષ્ટ્ર-કચ્છ તરફની ટ્રેનો પ્રભાવિત થઈ છે. બીજી તરફ વલસાડ-વાપી-ઉમરગામ સહિતના વિસ્તારોમાં પાણી ભરાવા અને રસ્તાઓ બંધ થવાથી વાપી એસટી ડેપો દ્વારા તમામ રૂટની બસોનું સંચાલન અસ્થાયી ધોરણે બંધ કરવું પડ્યું હતું. ખાસ કરીને દમણને જોડતા રૂટ પર સૌથી વધુ અસર જોવા મળી હતી. જોકે શુક્રવારથી હવામાનમાં સુધારો થતા અને પાણી ઓસરતા વાપી એસટી ડેપો દ્વારા દમણ રૂટ સિવાયના તમામ રૂટની બસોનું સંચાલન ફરીથી શરૂ કરી દેવામાં આવ્યું છે. હાલ વલસાડ, નવસારી, સુરત અને અંતરિયાળ ગામો તરફની બસો નિયમિત સમયે દોડી રહી છે. દમણ રૂટ હજુ બંધ છે.

## ભાગડાખુર્દમાં ૧૫થી વધુ ઘર ધરાશાયી : લોકોમાં તંત્ર સામે રોષ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ નજીક આવેલા ભાગડાખુર્દ ગામમાં પૂરના ધસમસ્તા કાંઠા વિસ્તારો ધોવાઈ જતાં ૧૫થી વધુ કાચા-પાકા ઘરો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયા છે. ગૃહસ્થિનો તમામ સામાન, અનાજ અને કિંમતી ચીજવસ્તુઓ નદીના વહેણમાં તણાઈ જતાં અનેક પરિવારો રસ્તા પર આવી ગયા છે. આ હોનારતને પગલે આસપાસના વિસ્તારમાં અફરાતફરી અને કરુણ દ્રશ્યો સર્જાયા છે.

અચાનક ઘૂસી આવેલા પૂરના પાણીને કારણે સ્થાનિક રહીશોને પોતાનો સામાન ખસેડવાનો સમય પણ મળ્યો નહોતો. જીવનભરની કમાણી ક્ષણવારમાં નદીમાં લીન થઈ જતાં પૂરપીડિતોમાં તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ઘરવિહોણા બનેલા લોકોએ વિરોધ દર્શાવી તંત્ર પાસે આશરો અને તાત્કાલિક યોગ્ય આર્થિક વળતર આપવાની ઉગ્ર માંગણી કરી છે. નદી કાંઠે યોગ્ય સંરક્ષણ દીવાલ ન હોવાને કારણે દર વર્ષે આ પરિસ્થિતિનું નિર્માણ થાય છે.પૂરની પૂર્વ ચેતવણી અને રાહત સામગ્રી પહોંચાડવામાં તંત્ર તરફથી ઢીલાશ દાખવવામાં આવી છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પ્રશાસન, પોલીસ કાફલો અને મદદનીશ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અસરગ્રસ્ત પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડી તેમના માટે કામચલાઉ આશ્રયસ્થાન, ભોજન અને પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી રહી હોવાનું તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે. જિલ્લા પ્રશાસનના અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લઈ નુકસાનીનો પ્રાથમિક સરવે શરૂ કર્યો છે અને નિયમાનુસાર વળતર ચૂકવવાની ખાતરી આપી છે. જોકે, પોતાનું છત ગુમાવી ચૂકેલા પીડિતો વહેલામાં વહેલી તકે સહાય મળે તેવી અપેક્ષા રાખી રહ્યા છે.

## ઉમરસાડીના અસરગ્રસ્તોને મંત્રી કનુભાઈ દેસાઈ હસ્તે સહાય ચેક વિતરણ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૨૬ :** પારડી તાલુકાના ઉંમર સાડી કોટલાવ અને ઉમરસાડી માછીવાડ ગામોના કુદરતી આપત્તિથી અસરગ્રસ્ત થયેલા નાગરિકોની વહારે ગુજરાત સરકાર આવી છે ગુજરાત રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ અને ધારાસભ્યના હસ્તે અસરગ્રસ્ત પરિવારોને સરકારી સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું આપત્તિના કારણે નુકસાન પામેલા પરિવારોને ઝડપી આર્થિક રાહત પાડતા લોકોમાં આનંદ છવાઈ ગયો હતો. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કનુભાઈ દેસાઈએ અસરગ્રસ્તો સાથે રૂબરૂ સંવાદ કરી તેમને સરકાર તરફથી તમામ શક્ય મદદની ખાતરી આપી હતી.

આ પ્રસંગે જિલ્લા કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ તાલુકા પંચાયત પારડીના પ્રમુખ કિન્નરીબેન હિતેશભાઈ પટેલ પુનિતભાઈ પટેલ પ્રમુખ, પારડી તાલુકા ભાજપ રવિભાઈ પટેલ - યુવા મોરચા પ્રમુખ રાકેશભાઈ તાલુકા પંચાયત સભ્ય ધવલભાઈ દેસાઈ અને અમિતભાઈ પટેલ સંગઠન મંત્રી ગામના સરપંચ દિનેશભાઈ ખુશ્બુબેન રાજુભાઈ સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો. આ પ્રસંગે ગ્રામજનોએ સરકાર અને સ્થાનિક નેતૃત્વ દ્વારા સમયસર મળેલી આર્થિક સહાય બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## દમણમાં માછી સમાજે ઢીંગલા-ઢીંગલીનો લગ્નોત્સવ ઉજવ્યો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૨૬ :** અષાઢ મહિનામાં ઉજવાતા દેવલગ્ન ઉત્સવના અવસરે, દમણના માછીવાડ પ્રદેશમાં માછી સમુદાયે, સદીઓ જૂની પરંપરાને અનુસરીને, ઢિંગલા (ઢીંગલી) અને ઢિંગલી (ઢીંગલી) ના પ્રતીકાત્મક લગ્નની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને ભક્તિભાવથી કરી. સમુદાયના સભ્યોએ આ અનોખા કાર્યક્રમમાં ભાગ લીધો જાણે કે તે વાસ્તવિક લગ્ન હોય અને નવદંપતીઓના આશીર્વાદ મેળવ્યા. લગ્ન પહેલાં, ઢિંગલાના લગ્નની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

ઢિંગલા ઘોડા પર સવાર થઈને, લગ્નનો પક્ષ ઢિંગલીના ઘરે પહોંચ્યો, ડીજેના સૂર પર નાચતા અને ગાતા. તેમનું સ્વાગત શરબત અને મીઠાઈઓથી કરવામાં આવ્યું. ત્યારબાદ એક પુજારીએ વૈદિક મંત્રોચ્ચાર કરીને હિન્દુ રીતરિવાજો અને ધાર્મિક વિધિઓ અનુસાર લગ્ન કર્યા. આ પ્રસંગે મોટી સંખ્યામાં મહિલાઓ, બાળકો અને સ્થાનિક રહેવાસીઓ હાજર રહ્યા હતાં.

## ટીંભીના માછી સમાજની હિંમત અને જુસ્સાને કલેકટરે બિરદાવ્યો

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ જિલ્લા કલેકટર નીતિન સાંગવાન ઉમરગામની મુલાકાતે પહોંચ્યા હતા ત્યારે ટીંભી માછીવાડમાં પહોંચી પૂર પીડિતો સાથે મુલાકાત કરી હતી. જ્યાં લોકોએ હજુ સુધી વીજળી નહી હોવાની રજૂઆત કરતા કલેકટરશ્રીએ કામગીરી ચાલી જ રહી છે અને આજ સાંજ સુધીમાં વીજળી આવી જશે એવી ખાતરી આપી હતી. માછીમાર સમાજ દરિયાખેડૂ હોવાથી તેઓ આફત સામે ઝઝુમનારી અને સંઘર્ષ કરી ઉપર આવનાર હોવાથી આ આફતમાંથી માછીમાર સમાજ વહેલીતકે બહાર આવી જશે એવી કલેકટરએ સૌને હિંમત આપી જિલ્લા વહીવટી તંત્ર તમારી સાથે એવો ભરોસો અપાવ્યો હતો. આ દુઃખની ઘડીમાં રાજ્ય સરકાર તમારી પડખે એવી કલેકટર વાત કરી આ ગામમાં તાત્કાલિક ધોરણે સર્વે કામગીરી પુરી થાયે તે માટે ધરમપુરના તાલુકા વિકાસ અધિકારીને કડક સૂચના આપી આ ગામને પ્રાથમિકતાના ધોરણે લેવા માટે જણાવ્યું હતું.

આ સિવાય સાફ સફાઈ સુવ્યવસ્થિ થાય, રોગચાળો ન ફાટે તે માટે તકેદારી રાખવા જણાવી જ્યાં પણ સહાય કીટ વિતરણ બાકી હોય ત્યાં પહોંચતી કરવા માટે જણાવ્યું હતું.

માછી સમાજમાં જોમ પૂરનારી કલેકટરશ્રીની આ પ્રેરણાદીય મુલાકાતથી માછીવાડ વિસ્તારના લોકોમાં હિંમત આવી આ કપરી પરિસ્થિતિનો સામનો સૌ સાથે મળીને કરીશું એવો વિશ્વાસ પેદા થયો હતો.

ત્યારબાદ કલેકટરએ ટીંભી ગામના નવા ફળિયાની મુલાકાત લીધી હતી જ્યાં કેટલાક લોકોના મકાન પૂરમાં ધ્વસ્ત થઈ ગયા હોવાનું નિરિક્ષણ કરી લોકોની હૈયાવરાળ સાંભળી હતી.

આ સમયે ગામના યુવા આગેવાન આશીષ માછીએ કલેકટરશ્રીને જણાવ્યું કે, પ્રોટેકશન વોલના અભાવે વારંવાર અમારા ગામમાં પાણી ભરાઈ જાય છે અને રેલ આવે છે જેથી અમારા ગામની સુરક્ષા અને સલામતી માટે વહેલીતકે પ્રોટેક્શન વોલ બનાવવા આવે તો આ સમસ્યા કાયમ માટે હલ થઈ જશે રજૂઆત કરી હતી. જે અંગે હકારાત્મક અભિગમ દાખવવાની કલેકટરએ ખાતરી આપી હતી.

## વલસાડ જિલ્લામાં પુરગ્રસ્ત પરિવારોને રૂા. એક કરોડથી વધુની સહાય

**વલસાડ, તા.૨૬ :** વલસાડ જિલ્લામાં તાજેતરમાં થયેલા અતિભારે વરસાદના કારણે વ્યાપક નુકશાન થયું છે. વહીવટી તંત્ર દવારા અસરગ્રસ્તોને તાત્કાલિક સહાય મળી રહે તે માટે કલેકટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતની રાહબરી હેઠળ ઝડપભેર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જિલ્લામાં થયેલી નુકસાનીનો સચોટ તાગ મેળવવા માટે હાલ કુલ ૧૫૦ સર્વે ટીમો કાર્યરત કરવામાં આવી છે. આજની તારીખે ટીમોના સર્વેના આધારે ૭,૫૫૭ વ્યક્તિઓને કેશડોલ્સ ચૂકવવાપાત્ર છે, જેમાંથી ૫,૩૮૩ વ્યક્તિઓને કુલ રૂપિયા ૨૧,૮૧,૦૦૦ ની સહાય ચૂકવી દેવામાં આવી છે. તેવી જ રીતે, ઘરવખરી નુકસાન અન્વયે નોંધાયેલા ૭,૮૮૫ કુટુંબો પૈકી ૫,૭૬૯ કુટુંબોને કુલ રૂપિયા ૮૨,૪૦,૦૦૦ ની આર્થિક સહાય મળી કુલ એક કરોડ થી વધુ સહાય વહીવટી તંત્ર દ્વારા ડીબીટી અને અન્ય દ્વારા સહાય ચુકવવામાં આવી છે. બાકી રહેલા અસરગ્રસ્તોને સહાય ચુકવણીની કાયર્વાહી ચાલી રહી છે.

વલસાડ પુર નિયત્રણ કક્ષ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર પુર દરમિયાન જિલ્લામાં ૧૨૭ પશુઓના મૃત્યુ નોંધાયા છે. જયારે ૪૫૨ જેટલા આંશિક પાકા મકાનો અને ૨૨૪ આંશિક કાચા મકાનોને નુકશાન નોંધાયું છે. જયારે ૨૬૪ ઝુંપડાઓ, ૧૩ સંપુર્ણ પાકા મકાનોને નુકશાન નોંધાયું છે. સંપુર્ણ કાચા મકાનો ૧૦૪ સહાય ચુકવણીની કામગીરી ઝડપભેર કરવામાં આવશે.

## પૂર બાદ જિલ્લાનાં ૧૧૦ ગામોમાં આરોગ્ય તપાસ

### કુલ ૬૨૮૦ દર્દીઓની તપાસ થતા ઝાડા-ઉલટી, શરદી-ખાંસી અને તાવના દર્દીઓ નિદાન









**વલસાડ, તા.૨૬ :** વલસાડ જિલ્લામાં અભૂતપૂર્વ વરસાદ અને પૂરની પરિસ્થિતિ બાદ હવે પૂરનું પાણી ઓસર્યું છે, પરંતુ અનેક વિસ્તારોમાં ઘરો અને આસપાસ કાદવ-કીચડ તેમજ ગંદકીના કારણે રોગચાળો ન ફેલાઈ તે માટે તકેદારી રખાઈ છે. આ પરિસ્થિતિમાં જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના સીધા માર્ગદર્શન હેઠળ વાપી મહાનગરપાલિકા સહિત જિલ્લાની તમામ પાલિકાઓ દ્વારા સફાઈ ઝુંબેશની સાથે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળા અટકાયતી માટે જનઆરોગ્ય સુરક્ષા અભિયાન પણ યુદ્ધના ધોરણે શરૂ કરાયુ છે. અસરગ્રસ્ત ગામો અને શહેરી વિસ્તારોમાં ગામે-ગામ મેડિકલ કેમ્પ, સઘન આરોગ્ય સર્વેલન્સ, પીવાના પાણીની ચકાસણી અને ક્લોરીનેશનની કામગીરી સતત હાથ ધરવામાં આવી રહી છે.

વલસાડ જિલ્લામાં રોગચાળો અટકાયતી માટે લેવાયેલા પગલાંની વિગત આપતા ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એ.કે.સિંઘ જણાવે છે કે, વલસાડ જિલ્લાના છ તાલુકા વલસાડ, પારડી, નાનાપોંઢા, ઉમરગામ, ધરમપુર, કપરાડા અને વાપીના શહેરી વિસ્તારમાં ૧૧૦ ગામડા અને વોર્ડ અસરગ્રસ્ત થયા છે. જેની કુલ અસરગ્રસ્ત વસ્તી ૪૧૮૨૮ છે. વલસાડ જિલ્લામાં તમામ પૂર અસર ગ્રસ્ત વિસ્તારમાંમેડિકલ અને પેરા મેડિકલની ૭૬૩ જેટલી ટીમ દ્વારા સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરાતા અત્યાર સુધીમાં કુલ ૧૦૩૨૯૯૧ વસ્તીનું સર્વેલન્સ કરવામાં આવી ચુક્યુ છે. જેમાં ઝાડાના ૭૨૬, ઉલટીના ૯, શરદી ખાંસીના ૩૪૦૧ અને તાવના ૨૪૨૨ કેસ મળી આવ્યા હતા. જેઓ જલદી સ્વસ્થ થાય તે માટે તબીબો દ્વારા નિદાન કરી દવા પણ આપવામાં આવી છે.


પૂર બાદ સૌથી મહત્વની બાબત લોકોને પીવા માટેનું શુધ્ધ પાણી મળે તે હોવાથી આરોગ્ય વિભાગ દ્વારા પીવાના પાણીના સ્ત્રોતમાં લીકેજ હોય તો તે અંગે તપાસ કરતા ૧૩ લીકેજ મળી આવ્યા હતા જે અંગે જે તે વિસ્તારની પાલિકા અથવા ગ્રામ પંચાયતને જાણ કરતા તમામ લીકેજ રીપેર કરી દેવામાં આવ્યા હતા. લોકોના ઘરે હાલમાં જે પીવાનું પાણી આવી રહ્યુ છે તે પીવા યોગ્ય છે કે કેમ તે જાણવા ક્લોરીનેશન ટેસ્ટ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૭૨૯ ટેસ્ટમાંથી ૧૧૫૫૯ ટેસ્ટ પોઝીટીવ અને ૧૮૩ ટેસ્ટ નેગેટીવ આવ્યા હતા, જેથી લોકોને જે તે પાણી પીવા માટે ના પાડવામાં આવી હતી. આ સાથે જ પાણીના ક્લોરીનેશન માટે ૧૫૨૪૪૫ જેટલી ક્લોરીનની ગોળીઓનું ઘરે ઘરે વિતરણ કરવામાં આવ્યું હતું. આ સિવાય સેવા ભાવી સંસ્થાઓ દ્વારા લોકોને પીવાનું શુધ્ધ પાણી પણ પુરુ પડાઈ રહ્યુ છે.


જિલ્લા કલેકટર નીતિન સાંગવાનનાની સૂચના અને માર્ગદર્શન હેઠળ જે પણ પૂર અસરગ્રસ્ત ગામડા હોય ત્યાં મેડિકલ કેમ્પનું આયોજન કરવા માટે જણાવ્યું હતું. જે મુજબ ઈન્ચાર્જ સીડીએચઓ ડો.એ.કે.સિંઘના સુપરવિઝન હેઠળ જિલ્લામાં પૂર અસરગ્રસ્ત વિસ્તારમાં ૧૪૬ મેડિકલ કેમ્પ કરવામાં આવ્યા છે, જેમાં ૬૨૮૦ દર્દીની તપાસ કરવામાં આવી હતી. જેઓને વિવિધ બિમારીઓનું નિદાન કરી દવાની સાથે ૩૪૪૩ ઓરઆરએસ પેકેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા સતત સર્વેલન્સ, મેડિકલ કેમ્પો, શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા, ક્લોરીનેશન અને દવાના વિતરણ જેવી સઘન કામગીરીના કારણે પૂર બાદ સંભવિત રોગચાળાને અટકાવવા અસરકારક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લોકોને સ્વચ્છતા જાળવવા, ઉકાળેલું અથવા ક્લોરીનેટેડ પાણી પીવા અને કોઈપણ પ્રકારની તબિયત બગડે તો નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા મેડિકલ કેમ્પનો તાત્કાલિક સંપર્ક કરવા અપીલ કરી છે.

## ધરમપુરમાં બુટલેગરની કારે નાકાબંધી તોડી જવાનને અડફેટે લીધો

**ધરમપુર, તા.૨૬ :** ધરમપુર-ખેરગામ જકાતનાકા ત્રણ રસ્તા નજીક પોલીસે દારૂ ભરેલી હ્યુન્ડાઈ ક્રેટા કારને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ કારચાલકે કાર રોકવાને બદલે પોલીસ તથા જી.આર.ડી.ના જવાનો ઉપર કાર ચઢાવી નાસી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન જી.આર.ડી. સભ્ય રાહુલભાઈ ઠાકોરભાઈ સોલંકીને કારની ટક્કર વાગતાં પગમાં ફ્રેક્ચર થયું હતું. પોલીસે ડ્રાઈવર પુખરાજ રામલાલ સૈન ઉ.વ. ૨૩ મૂળ રહે. કુકાવાસ, તા. બાગોડા, રાજસ્થાન અને ક્લીનર વિકાશ બુધરામ બિશ્નોઈ ઉ.વ. ૨૧મૂળ રહે. માણકી રાજસ્થાનને ઝડપી પાડ્યા હતાં. બંને આરોપીઓ પાસેથી હ્યુન્ડાઈ ક્રેટા કાર, દારૂ સાથે કુલ રૂા. ૩,૭૬,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તપાસમાં કારનો મૂળ નંબર GJ-01-KZ-1551 હોવાનું સામે આવ્યું હતું. આ ગુનામાં દારૂ ભરેલી કાર આપનાર લાલસીંગ, સફેદ એક્ટિવા પર પાયલોટિંગ કરનાર જીતુ નામનો ઈસમ તથા દારૂ મંગાવનાર અજાણ્યો ઈસમને વોન્ટેડ આરોપી જાહેર કર્યો છે.

## રાતા ખાડી અને કોલક નદી લાગુ ગામોમાં અનેક કાચા ઘરો તબાહ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૬ :** ગુરુવારે રાતે પડેલા મુશળધાર વરસાદ અને રાતા ખાડી તથા કોલક નદીમાં આવેલા પૂરની ભયાનકતા શનિવારે દિવસના અજવાળે સામે આવી. વાપી નજીકના કાંઠા વિસ્તારના ગામોમાં પૂરે ભારે તારાજી સર્જી છે. અનેક કાચા ઘરો ધરાશાયી થયા છે અને ઘરવખરી સાથે અનાજ પણ પાણીમાં તણાઈ ગયું છે.

રાતા ખાડી કિનારે આવેલા રાતા, કોચરવા, વંકાછ તેમજ કોલક નદી કિનારે આવેલા પાંડોર, અંબાચ સહિતના ગામોમાં ૭૦ ટકા જેટલા ઘરોમાં પૂરનું પાણી ફરી વળ્યું હતું. કેટલાક ઘરોમાં છાતી સુધી પાણી ભરાઈ ગયા હતા. પાણીના જોરદાર પ્રવાહમાં કાચા મકાનો તૂટી પડતા ગ્રામજનો માત્ર પહેરેલા કપડાં સાથે જ ઘર છોડીને નાસી છૂટ્યા હતા.

પૂર ઓસર્યા બાદ ગામોમાં કાદવ, કીચડ અને તૂટેલા ઘરોના ઢગલા જોવા મળી રહ્યા છે. અનેક ઘરોની ઘરવખરી, કપડાં, અનાજ અને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ સંપૂર્ણપણે બરબાદ થઈ ગઈ છે. ખેતીના સાધનો અને પશુઓને પણ નુકસાન પહોંચ્યું છે.બુધવાર રાત્રેથી લઈ ગુરુવાર સાંજ સુધી પડેલા સાંબેલાધાર વરસાદ અને મધુબન ડેમમાંથી છોડેલા ધસમસતા પાણીથી નદી કિનારાના મુખ્ય માર્ગથી પણ ૧૨ ફૂટ ઉપર પાણી ભરાઈ જતાં મુખ્ય માર્ગની દુકાનો અને હોટેલોમાં, તેમજ વિવિધ ફળિયાના ઘરોમાં ફર્નિચર, ફ્રીજ, અનાજ અને અન્ય માલ-સામાન તણાઈ ગયો હતો. લોકોને લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. ગામોમાં બુધવાર રાતથી શનિવાર મોડી રાત્રે સુધી વીજળી અને કેટલાક મોબાઈલ નેટવર્ક ખોરવાયા છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**